ગાંધીજીની જુબાની.

હંટર કમિટી

સમક્ષ

ગાંધીજીની જુબાની.

" જો કોઈ રાજ્યકર્તા ન્યાયનો કેવળ તિરસ્કાર કરવા બેસી જાય તો એવી અન્યાયી વ્યવસ્થા અશક્ય બનાવવાનો પ્રયત્ન કરતાં હું જરૂર હઠું નહિ. "

—સર ચીમનલાલને જવાબ.

પ્રકાશક—સ્વામી આનંદ,

સત્યાગ્રહાશ્રમ, સાબરમતી.

૭ આના સં૰ ૧૯૭૬

નિવેદન.

'નવજીવન' માં ક્રમશઃ પ્રગટ થએલી પરમપૂજ્ય ગાંધીજીની હંટર કમિટી સન્મુખ અપાયલી જુબાની સ્વતંત્ર પુસ્તકના આકારમાં અહીં પ્રગટ કરવામાં આવેછે. તેઓશ્રીએ જાતે આ જુબાની તપાસી આપી છે અને એક સ્થળે રહી ગએલો થોડોક ભાગ ખાસ વખત કહાડી ઉમેરી આપ્યોછે. આશા છે કે વાચકવર્ગ આ 'ભવ્ય ધાર્મિક સંવાદ' નો સંગ્રહ કરી તેમાં નિરૂપેલા સત્યાગ્રહના મહાન સિદ્ધાંતનાં તત્ત્વોનું વારંવાર મનન કરશે અને જુબાનીમાં સર્વત્ર જે વિનય, પ્રેમ, નિર્ભયતા અને સત્યવાદિત્વનો પરિચય થાયછે તે પોતાના જીવનમાં ઉતારવા યત્નશીલ બનશે.

આ પુસ્તક વહેલું પ્રગટ કરવાની ધારણા હતી, પરંતુ છાપવાની તેમજ કાગળ ઇ. ની અડચણોને લીધે તેમ બની શક્યું નહિ તે માટે ક્ષમાપ્રાર્થી—

પ્રકાશક.

હંટર કમિટી.

પ્રમુખ.

ધી ઑાન. લૉર્ડ હંટર, સ્કૉટલંડના માજી સૉલી. જનરલ.

સભ્યો:—

ધી ઑાન મી. જસ્ટિસ જી. સી. રેન્કિન, જડજ હાઈકોર્ટ, કલકત્તા.

ધી ઑાન મી. ડબલ્યુ. એફ. રાઇસ, ઍડી. સે. હોમ. ડી. ગવ. ઇન્ડિઆ.

મેજર જનરલ સર જ્યૉર્જ બૅરો, પેશાવર ડિવીઝન.

ધી ઑાન પંડિત જગતનારાયણ, સંયુકત પ્રાંતની ધારાસભાના સભાસદ.

ધી ઑાન મી. થૉમસ સ્મિથ, સંયુકત પ્રાંતની ધારાસભાના સભાસદ.

સર ચીમનલાલ સેતલવાડ, ઍડવોકેટ હાઈકોર્ટ મુંબઈ.

સાહેબજાદા સુલતાન આહમદ ખાન મેમ્બર ફૉર અપીલ્સ ગ્વાલિઅર સ્ટેટ.

તા. ૯ મી જાન્યુઆરી
૧૯૨૦

સ્થળ:—હઠીસંગની વાડી
અમદાવાદ.

લેખી એકરાર.

" કાયદાના ભંગથી શિક્ષા થાયછે તેની બીકથી નહિ પણ સમાજના કલ્યાણને માટે તે તેને જરૂરના ગણેછે તેથી સત્યાગ્રહી હમેશાં કાયદાને માન આપેછે. પણ એવા કેટલાક પ્રસંગો આવેછે જ્યારે અમુક કાયદા એના અન્તઃકરણને એટલા બધા અન્યાયી લાગે કે તેને આધીન થવું એ દૂષણ ગણાય. આવે વખતે તે ખુલ્લી રીતે અને વિનયપૂર્વક તેનો ભંગ કરેછે અને તેની શિક્ષા શાંતિથી સહન કરેછે. "

છેલ્લાં ત્રીશ વર્ષથી હું સત્યાગ્રહનો ઉપદેશ ને તેનું પાલન કરતો આવ્યો છું. સત્યાગ્રહના સિદ્ધાંતોને હું જે સ્વરૂપે અત્યારે પિછાનું છું તે સ્વરૂપમાં તે ક્રમે ક્રમે વિકાસ પામ્યા છે. સત્યાગ્રહ.

ઉત્તર અને દક્ષિણ ધ્રુવ વચ્ચે જેટલું અંતર છે, તેટલું સત્યાગ્રહ અને 'પૅસિવ રિઝિસ્ટન્સ' વચ્ચે છે. 'પૅસિવ રિઝિસ્ટન્સ' નબળા લોકોનું હથિઆર છે અને પોતાનો હેતુ બર લાવવા શારીરિક બળ વાપરવાનો કે તોફાન કરવાનો તેમાં બાધ નથી. પણ સત્યાગ્રહ તો સબળામાં સબળા લોકોનું હથિઆર છે અને તેમાં કોઇ પણ પ્રકારનું રમખાણ મચાવવાનો ખ્યાલ પણ ન હોઇ શકે.

દક્ષિણ આફ્રિકામાં પૂરાં આઠ વર્ષ સૂધી હિન્દીઓએ જે બળનો ઉપયોગ કર્યો હતો તે બળને મેં તે વખતે સત્યાગ્રહનું નામ આપ્યું હતું. એજ અરસામાં બ્રિટિશ ટાપુઓમાં તથા દક્ષિણ આફ્રિકામાં 'પૅસિવ રિઝિસ્ટન્સ'ની લડત ચાલતી હતી તેનાથી ભેદ બતાવવાને મેં આ શબ્દ યોજ્યો હતો.

એ શબ્દનો મૂળ અર્થ સત્યનો આગ્રહ છે. એટલે કે તે સત્યબળ છે. મેં તેને પ્રેમબળ અથવા આત્મબળ પણ કહ્યું છે. છેક શરૂઆતમાં મેં સત્યાગ્રહનો અમલ કરતાં જોયું હતું કે સત્યને પાળવામાં સામા માણસ ઉપર હુમલો કરવાનો ઈરાદો હોયજ નહિ, પણ ધીરજથી અને સહાનુભૂતિથી તે માણસને ભૂલ કરતો અટકાવવાનોજ હેતુ એમાં હોય; કારણ કે એકને જે સત્ય લાગે તે બીજાને ભૂલભરેલું પણ લાગે. ધીરજ એટલે જાતે દુઃખ સહેવું. એટલે આ સિદ્ધાંતનો અર્થ એ થાય કે સામા માણસ ઉપર નહિ પણ પોતાની જાતે દુઃખ ખમીને સત્યને પાળવું.

પણ રાજકારણમાં લોકોની લડત તો અન્યાયી કાયદાઓ રૂપી ભૂલોની સામે થવાનીજ ઘણુંખરૂં હોય છે. જ્યારે અરજીઓથી કે એવી બીજી રીતે તમે કાયદો અમલમાં મૂકનારને તેની ભૂલનું ભાન કરાવવામાં નિષ્ફળ નીવડો, ત્યારે જો તમે તે ભૂલને આધીન થવા માગતા ન હો તો તમારે સારૂ માત્ર એટલોજ ઉપાય રહ્યો કે કાં તો તમે તેવો કાયદો અમલમાં મૂકનારને શારીરબળ વાપરીને તમને નમવાની ફરજ પાડો, અથવા તો કાયદાનો ભંગ કરીને અને તેને સારૂ થતી શિક્ષા વ્હોરી લઇને જાતે દુઃખ સહન કરો. આથી સત્યાગ્રહ એટલે દિવાની કાયદાઓનો ભંગ એમ લોકો સમજે છે. તેમાં ફોજદારી નહિ પણ દિવાની કાયદાઓનોજ ભંગ કરવાનો હોય છે.

ગાંધીજીની જુબાની.

સાધારણ રીતે કાયદાનો ભંગ કરનાર માણસ છુપાઇને કાયદો તોડેછે અને તેની શિક્ષાથી દૂર ભાગવા મહેનત કરે છે. પણ સત્યાગ્રહી તેમ નથી કરતો. કાયદાના ભંગથી જે શિક્ષા થાય તેની બીકથી નહિ પણ સમાજના કલ્યાણને માટે તે તેને જરૂરના ગણે છે તેથી સત્યાગ્રહી હમેશાં કાયદાને માન આપે છે. પણ એવા કેટલાક પ્રસંગો આવે છે—જો કે તે સાધારણ રીતે જૂજ જ હોય છે—જ્યારે અમુક કાયદા એના અંતઃકરણને એટલા બધા અન્યાયી લાગે છે કે તેને આધીન થવું એ દૂષણ ગણાય. આવે વખતે તે ખુલ્લી રીતે અને વિનયપૂર્વક તેનો ભંગ કરે છે અને તેની શિક્ષા શાંતિથી સહન કરે છે. વળી કાયદો ઘડનારના વર્તનની સામે પોતાનો વાંધો નોંધાવવાને જે કાયદાના ભંગમાં અનીતિ સમાયલી ન હોય તેવા બીજા કાયદાઓનો પણ ભંગ કરીને એટલે અંશે રાજ્યને મદદ કરવાનું પણ તે બંધ કરેછે.

મારા મત પ્રમાણે સત્યાગ્રહ એટલો સુંદર અને અર્થસાધક છે, અને તેનો સિદ્ધાંત એટલો સરળ છે કે તેનો બાળકોને પણ ઉપદેશ કરી શકાય. ગીરમીટીઆ મજૂરને નામે ઓળખાતાં હજારો સ્ત્રીપુરૂષો અને બાળકોને દક્ષિણ આફ્રિકામાં મેં સત્યાગ્રહનો ઉપદેશ કર્યો હતો અને તેનાં સરસ પરિણામ આવ્યાં હતાં.

જ્યારે રૉલેટ કાયદા પ્રગટ કરવામાં આવ્યા ત્યારે મને એમ લાગ્યું કે વ્યકિતની સ્વતંત્રતાને તે એટલા બંધનકર્તા હતા કે તેની સામે થવામાં બને તેટલું બળ રૉલેટ કાયદા.

અજમાવવું જ જોઇએ. મેં એ પણ જોયું કે તે કાયદાની સામેનો વિરોધ હિન્દીઓમાં સર્વસામાન્ય હતો. સમગ્ર પ્રજાવર્ગને અણગમતો હોય એવો કાયદો ઘડવાને ગમે તેવા આપખુદી રાજ્યને પણ હક નથી, તો પછી હિન્દીસરકાર જેવી બંધારણની રૂઢી અને તેના દાખલા પાળતી સરકારથી તો આમ નજ થઇ શકે. મને એમ પણ લાગ્યું કે આ કાયદા સામેની ચળવળ બેસી ન જાય અથવા તે તોફાનને રસ્તે ન ચઢી જાય તે માટે તેને ચોકસ દિશામાં વાળવાની જરૂર હતી.

૬ એપ્રિલ. તેથી કાયદાના ભંગના તત્ત્વપર ભાર મૂકીને દેશને સત્યાગ્રહનો ઉપદેશ આપવાની મેં હિંમત ધરી. આ ચળવળ કેવળ આંતરિક અને પવિત્ર છે; તેથી ૬ઠ્ઠી એપ્રિલના એક દિવસને સારૂ ઉપવાસ અને પ્રાર્થના કરવાની ને તમામ કામ-કાજ બંધ કરવાની મેં સૂચના કરી. આનો સરસ જવાબ એકથી બીજા છેડા સુધી આખા હિન્દુસ્તાનમાંથી અને નાનાં ગામડાંમાંથી પણ મળ્યો, જો કે આને માટે કાંઇ પણ વ્યવસ્થા કે મોટી તૈયારી કરવામાં આવી ન હતી. મને જેવો વિચાર સૂઝયો તેવોજ તે મેં પ્રજા આગળ મૂકેલો. ૬ઠ્ઠી એપ્રિલને દિવસે લોકોએ કાંઇ પણ તોફાન કર્યું નહિ; તેમ પોલીસ જોડે પણ કાંઇ ઝપાઝપી થઇ નહિ. હડતાળ કેવળ મરજીઆત અને સ્વયંભૂ હતી. જે કાગળદ્વારા આ વિચાર જાહેર કરવામાં આવ્યો હતો તે હું આ સાથે રજૂ કરૂંછું.

ગાંધીજીની જુબાની.

મારી પરહેજગી.

૬ઠ્ઠી એપ્રિલનો દિવસ ઉજવ્યા પછી તુરતજ કાયદાનો ભંગ શરૂ કરવાનો હતો. તે હેતુથી સત્યાગ્રહ સભાની કમિટીએ કેટલાક રાજકીય કાયદા પસંદ કર્યા હતા; અને તેથી સ્વરાજ્ય વિષેનું મારૂં ચોપાનિઉં, સર્વોદય નામનું રસ્કિનના એક પુસ્તકનું ભાષાંતર, સૉક્રેટિસનો બચાવ અને તેનું મરણ એ વિષે લેખ, વગેરે જે તદ્દન નિર્દોષ સાહિત્યની સરકારે બંધી કરી હતી તે વેચવાનું અમે શરૂ કર્યું.

૬ઠ્ઠી એપ્રિલને દિવસે હિન્દુસ્તાન જેવું સચેત થયું તેવું પહેલાં કદિ પણ જોવામાં આવ્યું નહતું એ વિષે તો કાંઇ પણ શક નથી. જે લોકો ભયભીત રહેતા હતા તેમને સરકારનો ડર ન રહ્યો. વળી અત્યાર સુધી પ્રજાનો મોટો સમુદાય તો સુષુપ્તિમાંજ હતો. આગેવાનોએ તેમના પર કાંઇ પણ સંગીન અસર પહોંચાડી ન હતી. તેમને કાંઈ તાલીમ મળી ન હતી. તેમને એક નવી શક્તિનું ભાન થયું; પણ તે શું છે અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો એની તેમને સમજ ન હતી.

દિલ્લીમાં જે મોટો પ્રજાવર્ગ પહેલાં અચેતન રહ્યો હતો તેને કાબૂમાં રાખવાનું કામ આગેવાનોને વસમું લાગ્યું. હું અમૃતસર જાઉં અને સત્યાગ્રહનું શાંત સ્વરૂપ લોકોને સમજાવું એમ. ડૉ. સત્યપાલ ઇચ્છતા હતા. દિલ્લીથી સ્વામી શ્રદ્ધાનંદજીએ અને અમૃતસરથી ડૉ. સત્યપાલે મને

લખ્યું કે મારે લોકોને શાંત કરવાને માટે અને સત્યાગ્રહનું સ્વરૂપ સમજાવવાને માટે તે બન્ને સ્થળે જવું. હું પહેલાં કદિ અમૃતસર અને પંજાબ પણ ગયો ન હતો. આ બન્ને ગૃહસ્થોના સંદેશા સત્તાધારીઓના જોવામાં આવ્યા હતા, અને બન્ને સ્થળે હું શાંતિ ફેલાવવાને માટે જતો હતો એ તેઓ જાણતા હતા.

હું ૮મી એપ્રિલને દિવસે દિલ્લી અને પંજાબ જવા મુંબઇથી નીકળ્યો અને ડૉ. સત્યપાલ કે જેમને હું પહેલાં કદિ મળ્યો ન હતો તેમને દિલ્લીમાં મને મળવા મેં તાર કર્યો. પણ મથુરાં છોડયા પછી દિલ્હી પ્રાંતમાં મને દાખલ થતો અટકાવવાને એક હુકમ બજાવવામાં આવ્યો. મને લાગ્યું કે એ હુકમનો ભંગ કરવાની મારી ફરજ હતી, અને તેથી હું મુસાફરીમાં આગળ ચાલ્યો. પછી પલવલ આગળ મને પંજાબમાં જતો અટકાવવાનો અને મુંબઇ ઇલાકામાંજ રોકવાનો હુકમ મળ્યો; અને ત્યાં પોલીસની એક ટુકડીએ મને પકડયો અને ગાડીમાંથી ઉતાર્યો. જે પોલીસ સુપરીન્ટેન્ડેન્ટે મને પકડયો તેઓ મારી સાથે અતિશય સભ્યતાથી વર્ત્યા, અને પહેલીજ ગાડીમાં મને મથુરાં લઇ જવામાં આવ્યો; ત્યાંથી તેઓ સવારમાં એક ભારખાનામાં મને સવાઇ માધવપુર લઇ ગયા. ત્યાં પેશાવરથી આવતી મુંબઇની મેલમાં હું બેઠો, અને સુપરીન્ટેન્ડેન્ટ બાવરિંગે મારો કબજો લીધો. મને ૧૧ મી તારીખે મુંબઇમાં છૂટો કરવામાં આવ્યો.

દરમ્યાન અમદાવાદના, વીરમગામના અને સામાન્ય તોફાનો. રીતે ગુજરાતના લોકોને મારા પકડાયાના ખબર મળ્યા. તેઓ ઝનૂની બન્યા; તેમણે દુકાનો બંધ કરી; મોટાં ટાળાં ભેગાં થયાં; તેમણે ખૂન અને લૂંટ કર્યાં; આગો લગાડી, તાર કાપ્યા અને ગાડીના પાટા ઉખેડી નાંખવાનો પ્રયત્ન કર્યો.

થોડાજ વખતપર મેં ખેડાના ખેડૂતોની વચ્ચે રહીને કામ કર્યું હતું અને હજારો પુરૂષો અને સ્ત્રીઓ સાથે હું ભળ્યો હતો. અનસૂયા બહેનના કહેવાથી અને તેમની સાથે રહીને અમદાવાદના મીલમજૂરોનું કામ મેં કર્યું હતું. મીલમજૂરો તેમની કદર કરતા અને તેમને પૂજતા. તેઓ પણ પકડાયાં છે એવી ખોટી અફવા ઉડી એટલે અમદાવાદના મજૂરોનો ગુસ્સો ખૂબ તપી ગયો. વીરમગામના મજૂરો જ્યારે મુસીબતમાં હતા ત્યારે અમે બન્ને તેમને મળ્યાં હતાં અને તેમની વતી વચમાં પડયાં હતાં. મારી તો ખાત્રી છે કે મને પકડવાના ખબર અને અનસૂયા બહેનને પકડવાની ગપ સાંભળીને લોકો ગુસ્સે થયા તેથીજ તેમણે અત્યાચાર કર્યો.

હું લગભગ આખા હિન્દુસ્તાનમાં જનસમુદાય સાથે ભળ્યો છું અને તેમની સાથે મેં ખુલાસાથી વાતો કરી છે. તે ઉપરથી આ અત્યાચારની પાછળ કાંઈ પણ અરાજક ચળવળ હોય એમ હું માનતો નથી. તેને હુલ્લડનું મોટું નામ પણ ભાગ્યેજ આપી શકાય.

ગાંધીજીની જુબાની.

સરકારી પગલાં.

મારા મત પ્રમાણે સરકારની સામે બંડ ઉઠાવવાનો આરોપ ગુન્હેગારો ઉપર મૂકવામાં સરકારે ભૂલ કરી છે. આ ઉતાવળા પગલાથી અણઘટતું અને વધારે પડતું દુઃખ ઘણાને સહેવું પડયું છે. અમદાવાદના મજૂરો ઉપર નાંખેલો દંડ ભારે હતો, અને તે ઉઘરાવવાની રીત વધારે પડતી કડક તથા ઉશ્કેરણી કરે એવી હતી. મજૂરોના ઉપર ૧,૭૬,૦૦૦ રૂપીઆ જેવડો મોટો દંડ નાંખવાના ન્યાય વિષે મને શંકા છે. નડિઆદ અને બારેજડી ઉપર વધારાની પોલીસ નંખાઇ અને તેનો ખર્ચ બારેજડીના ખાતેદારો તથા નડીઆદના વાણીઆ તથા પાટીદારો પાસેથી ઉઘરાવવાનું ઠર્યું—એ પગલાં પણ બિલકુલ અકારણ અને ખારીલાંજ ગણાય. મારી એવી માન્યતા છે કે અમદાવાદમાં માર્શલ લૉ વિનાકારણ જાહેર કરવામાં આવ્યો હતો, અને તેના અવિચારી અમલથી કેટલાયે નિર્દોષ માણસોના જાન ગયા હતા.

બાકી, મુંબઇ ઇલાકામાં જે વખતે પરસ્પર શંકાથી વાતાવરણ છવાઈ રહ્યું હતું, અને શાંતિ જાળવવાને લાવવમાં આવતા લશ્કરની ગાડીને ઉથલાવી નાંખવાનો પ્રયત્ન કરવામાં આવ્યાથી અમલદારો સ્વાભાવિક રીતે ગુસ્સે થયા હશે, તે વખતે ઉપર જણાવેલા મુદ્દા બાદ કરતાં, તેઓ ઘણાજ સંયમથી વર્ત્યા એ વિષે મને સહેજ પણ શંકા નથી.

મોહનદાસ કરમચંદ ગાંધી.

જુબાની.

“રૉલેટ ઍક્ટની સામે મારી મોટામાં મોટી દલીલ એ છે કે એ કાયદો આખી પ્રજાની ઉપર એક આરોપ રૂપે ઘડાયો છે.

ત્રણ વરસને માટે પણ એક આખી પ્રજાને સજા કરવાની વાત મારૂં મન તો નજ બરદાસ કરી શકે.”

લૉર્ડ હંટરના સવાલો.

લૉ. હંટર૦—મી૦ ગાંધી, સત્યાગ્રહની હીલચાલના પિતા તમે જ ને?

ગાંધીજી—જી હા.

સ૦—ટુંકામાં એ હીલચાલનું સ્વરૂપ સમજાવશો જરા?

જ૦—શારીરિક બળને બદલે આત્મિક બળથી અને શુદ્ધ સત્યના જોર ઉપર લડવાની હિમાયત કરનારી આ હીલચાલ છે. મારી દૃષ્ટિએ, એ કૌટુમ્બિક ક્ષેત્રમાં લાગૂ કરવામાં આવતો ન્યાય રાજદ્વારી ક્ષેત્રમાં પણ લાગૂ કરવાનો યત્ન છે અને પોતાનાં દુઃખોની દાદ મેળવવા જતાં એ એકજ રસ્તે પ્રજા ખનામરકીના ભયમાંથી બચી શકે તેમ છે એવો અનુભવ ઉપરથી મારો મત બંધાયો છે.

સત્યાગ્રહ-પ્રતિજ્ઞા.

સ૦—રૉલેટ કાયદાની સામે થવા તમે આ હીલચાલ ઉપાડી; તમે લોકોને સત્યાગ્રહ-પ્રતિજ્ઞા ઉપર સહી કરવા કહ્યું ખરૂં?

જ૦—જી હા.

સ૦—આ હીલચાલમાં જેટલાં બને તેટલાં માણસો ભેળવવાનો તમારો ઇરાદો ખરો?

જ૦—જી હા,—સત્ય અને અહિંસાના સિદ્ધાંતને કોઇ રીતે બાધ ન આવે એવી રીતે. એ શરતે લાખો માણસો મને મળે તોપણ એમાંના એકેએકને હું વગર આનાકાનીએ સત્યાગ્રહની હીલચાલમાં દાખલ કરૂં.

સ૦—તમારી હીલચાલ સરકારવિરુદ્ધ છે એમ ન કહેવાય?

૧૭

જ૦—નહિજ. એવી કશી ભાવનામાંથી આ હીલચાલની ઉત્પત્તિ થઇજ નથી.

સ૦—મી૦ ગાંધી, તમે જરા સત્યાગ્રહ-પ્રતિજ્ઞા તરફ સરકારની દૃષ્ટિથી જોશો? ધારો કે તમે પોતેજ ગવર્નર હો તો તમારી સરકાર સામે ઉપાડવામાં આવેલી આવી હીલચાલ વિષે તમે શું કહો?

જ૦—જો દેશનો કારભાર મારા હાથમાં હોય અને શુદ્ધ સત્યને જ શોધવા ખાતર કોઈ લોકો ચોક્કસ કાયદાઓને માન આપવાની ના પાડે તો હું તેમના કૃત્યને કાયદેસર જ ગણું અને એમને હું મારા કરી લઉં. સાચો સત્યાગ્રહી જાતે માગે તેજ હક પોતાના વિરોધીઓને પણ આપે.

સ૦—આવી જાતની હીલચાલ લાંબો વખત જારી રહે તો રાજ્ય નભી રહી શકે ખરું?

જ૦—જરૂર. દક્ષિણ આફ્રિકામાં લડત આઠ આઠ વરસ ચાલૂ રહી છતાં ત્યાંનું રાજ્ય અટક્યું ન હતું, અને લડત પછી જનરલ સ્મટ્સે અભિપ્રાય આપ્યો હતો કે દક્ષિણ આફ્રિકાના હિંદીઓની પેઠે જ બધા લડત ચલાવે તો પોતાને કશું વાંધો લેવાપણું ન હોઇ શકે.

સ૦—તમારી સત્યાગ્રહ-પ્રતિજ્ઞામાં તો એક કમિટી નક્કી કરે તે કાયદાઓ તોડવાની જ વાત છે ને?

જ૦—હા જી; અને પ્રતિજ્ઞાનો એ જ ભાગ વ્યક્તિક સ્વચ્છંદ ઉપર અંકુશ મૂકનારો છે એ વાત આપની કમિટી સમક્ષ હું સ્પષ્ટ કરવા ઇચ્છું છું. સત્યાગ્રહ હીલચાલને

વ્યક્તિક સ્વચ્છંદ ઉપર અંકુશ.

સાર્વજનિક કરવાનો ઇરાદો હતો એટલે એવો અંકુશ મૂકવો જ મને યોગ્ય લાગ્યો.

સ૦—મી૦ ગાંધી, 'કપાળે કપાળે જૂદી મતિ' એ કહેવત સત્યાગ્રહીઓને પણ લાગૂ ન પડે?

જ૦—હા જી, પડે. અને એ કડવો અનુભવ મને થઇ ચૂકયો છે.

સ૦—એવી પ્રતિજ્ઞાથી માણસના અંતઃકરણને તમે બાંધી નથી લેતા?

જ૦—હું જે રીતે એનો અર્થ કરૂં છું એ દૃષ્ટિએ નહિ જ. મારો અર્થ ભૂલભરેલો નિવડશે તો ફરી આ હીલચાલ શરૂ કરવાનો પ્રસંગ આવ્યે મારે મારી ભૂલ સુધારવી રહી.

લૉ૦ હું૦—ના, ના, મી૦ ગાંધી, હું કંઇ તમને શિખામણ આપવાનો દાવો નથી કરતો.

ગાંધીજી—હું સમજ્યો; છતાં એવી માન્યતામાંથી હું આ કમિટીની પણ રક્ષા કરી લેવા ઇચ્છું છું.

સ૦—પણ કાયદાના સવિનય ભંગનો સિદ્ધાંત તમને જોખમકારક નથી લાગતો?

જ૦—મારી માન્યતા એથી ઉલટી છે. દેશને ખૂનામરકીના વિચારો કરવામાંથી છોડાવી લેવાનો શુદ્ધ હેતુ જ કેવળ એના મૂળમાં રહેલો છે.

[ત્યાર પછી લૉર્ડ હંટરે ટુંકમાં રૉલેટ કાયદો પસાર થયા અગાઉના સંજોગો, હિંદી પ્રજા તરફથી ચોમેરથી એની સામે થએલો વિરોધ, વગેરે વર્ણવી બતાવ્યાં અને રૉલેટ કાયદા.

એ કાયદાની સામે ગાંધીજીને શું વાંધો હતો તેનો મર્મ સમજાવવા કહ્યું.]

ગાંધીજી—રૉલેટ કમિટીનો રિપોર્ટ વાંચતાં મને એમ લાગ્યું કે રૉલેટ કમિટીએ જે ભલામણો પોતાના રિપોર્ટને અંતે કરી તેવી ભલામણો કરવા પૂરતો પુરાવો કે હકીકતો કમિટીની પાસે ન હતાં. એ ભલામણોપરથી ઘડી કહાડવામાં આવેલા ખરડાઓનો દેશમાં સાર્વત્રિક વિરોધ થયો; ધારાસભામાં એકેએક હિંદી સભાસદે એનો વિરોધ કર્યો; પણ સરકારે એ વિરોધને તુચ્છકાર્યો. આ સ્થિતિમાં વ્યક્તિ તરીકે અને એક મોટા સામ્રાજ્યના સભ્ય તરીકે અંત લગી એની સામે થયા વગર મારે માટે બીજો રસ્તો નથી એમ મેં જોયું.

સ૦—આ કાયદો ખૂનામરકીના ગુન્હાઓને પહોંચી વળવાના હેતુથી ઘડવામાં આવ્યો છે એ તો તમે કબૂલ કરો છો ને?

જ૦—હા જી. એનો હેતુ તો વખાણવાલાયકજ ગણાય.

સ૦—ત્યારે એ હેતુ પાર પાડવાને સારૂ ઘડવામાં આવેલી યોજનાના તમે વિરોધી છો; એટલે કે જે સત્તાઓ અધિકારીવર્ગને એમાં બક્ષવામાં આવી છે એ સામે તમારો વાંધો છે, એમ જ ને?

જ૦—હા જી.

સ૦—હિંદી રાજ્યરક્ષણ કાનૂન ઘડવામાં આવ્યો ત્યારે એ કાયદાની રૂએ આપવામાં આવેલી સત્તાઓ એટલી જ વિશાળ ન હતી?

જ૦—હતીજ. પણ એ કાયદો હકીકતમાં આપત્કાળ માટે ઘડવામાં આવ્યો હતો અને તેટલા વખત પૂરતોજ હતો. વળી તે પણ પ્રજાએ દુઃખી મને કબૂલ રાખેલો. રૅાલેટ કાયદો એથી તદ્દન જૂદા પ્રકારનો છે અને ઉપરના કાયદાના અમલના અનુભવ પછી રૅાલેટ કાયદા સામેનો મારો વાંધો વધુ મજબૂત બન્યો છે.

સ૦—મી૰ ગાંધી, તમને ખબરજ હશે કે રૅાલેટ કાયદામાં સ્થાનિક સરકારનાં મત અને સલાહ લીધા વગર હિન્દુસ્તાનસરકાર કશું પગલું ન ભરે એવી વ્યવસ્થા છે.

જ૦--તે સાચું છે; છતાં રાજ્યની લગામ જેના હાથમાં છે એ સરકારને દીવાની બની જતાં મેં નજરે જોઇ છે; અને એવાના હાથમાં અસાધારણ સત્તા હું તો ન જ સોંપું.

સ૦--પણ રૅાલેટ કાયદો બીજી કોઇ રીતે રદ ન કરાવી શકાત?

જ૦--અરે, મેં તો પગે પડી પડીને લૉર્ડ ચેમ્સફર્ડને વીનવ્યા. તેઓ સાહેબની જોડે અને જેમને જેમને મારાથી મળી શકાયું તે બધા અમલદારો જોડે જીવ તોડી તોડીને મેં દલીલો કરી. પણ એ બધું વ્યર્થ નીવડયું. હાથમાં હતા એમાંનો એકે ઉપાય અજમાવવો અમે બાકી નહોતો રાખ્યો.

સ૦--મી૰ ગાંધી, વિરોધીઓને એટલી ઉતાવળે તમે કેમ સમજાવી શકો?

જ૦—સત્યાગ્રહમાં ઉતાવળને અવકાશ જ નથી. મારી નજરમાં તો મેં લીધો એ એકજ રસ્તો ઉત્તમ અને

વાજબી હતો. મારા આત્માને દૂભવે એવો હુકમ મારો પિતા પણ કરે તો મારી નજરમાં તો મારે માટે ઉત્તમમાં ઉત્તમ રસ્તો એ જ છે કે વિનયપૂર્વક મારે એમના હુકમનો અનાદર કરવો; અને મર્યાદા બહાર ન જતો હોઉં તો હું આપની સન્મુખ કહી બતાવવા ઇચ્છું છું કે એ જ ન્યાયને મારા કુટુંબમાં હું અનુસરતો આવ્યો છું. અને 'તમારો આ હુકમ મારા અંતઃકરણને અપવિત્ર અને દૂષિત લાગે છે, એનો અનાદર કર્યા વગર મારે છુટકો નથી' એમ મારા પિતાને કહેવું મારે માટે જો અનુચિત નથી તો એ જ ન્યાયે મારે મારા મિત્રને અગર કોઈ પણ સરકારને પણ એમજ કહેવું અનુચિત નથી.

હડતાળ. [પછી લૉર્ડ હંટરે સાર્વત્રિક હડતાળને લગતા સવાલો પૂછવા શરૂ કર્યા.]

સ૦—હડતાળ એટલે દેશના બધા લોકોએ એક સાથે પોતપોતાનું કામ બંધ કરવું, ખરૂં ને?

જ૦—હા જી.

સ૦—એમ કરવાથી ભારે મુશ્કેલીઓભરી સ્થિતિ ન ઉભી થાય?

જ૦—બહુ લાંબો વખત એ ચાલૂ રહે તો થાય ખરી.

[પછી લોકોએ ખોટી ગણત્રી કર્યાથી નહિ પણ રૉલેટ કાયદાને ના૦ વાઇસરોયની સંમતિ મળ્યાના ખબર દેશના જુદા જુદા ભાગમાં વહેલામોડા મળ્યા તેથી દેશના અમુક ભાગોમાં તા૦ ૩૦મી માર્ચને દિવસે અને આખા દેશમાં બધે જ ૬ઠ્ઠી એપ્રિલે લોકોએ હડતાળ કેવી રીતે પાડી એ ગાંધીજીએ સમજાવ્યું.]

સ૦—હડતાળમાં ભળવાનું સંપૂર્ણપણે સૌ સૌની મરજી ઉપરજ રહેવું જોઇએ એ તો તમને કબૂલ ખરૂં ને?

જ૦—હા જી, પૂરેપૂરૂં. પણ તે એવા અર્થમાં કે હડતાળને દિવસે કોઇને હડતાળમાં ભળવાનો આગ્રહ ન કરવામાં આવે. બાકી બીજા દિવસોમાં ભળવાની ભલામણ હસ્તપત્રકો, ચોપાનીઆંઓ અગર બીજાં હીલચાલનાં સાધનો-દ્વારા કરવી એને હું પૂરેપૂરૂં કાયદેસર ગણું.

સ૦—હડતાળને દિવસે લોકો ટાંગાવાળાઓને હેરાન કરે એથી તો તમે વિરૂદ્ધ છો ને?

જ૦—પૂરેપૂરો.

સ૦—એવું અયોગ્ય વર્તન કરનારા લોકોની બાબતમાં પોલીસ વચ્ચે પડે તો તેમાં પણ તમારો વાંધો નહિ ને?

જ૦—પોલીસ ઘટતી હદમાં રહીને અને સહનશીલતાપૂર્વક વર્તે તો હું વાંધો ન લઉં.

સ૦—પણ હડતાળને દિવસે લોકોએ ટાંગાઓ અટકાવવા અને બીજા લોકોની જોડે ખેંચતાણ કરવી એ બહુજ અઘટિત છે એમ તો તમે કબૂલ કરો છો ને?

જ૦—અવશ્ય. કેમકે સત્યાગ્રહીની દૃષ્ટિએ તો ગમે તે સ્થિતિમાં પણ બળનો ઉપયોગ કરવો એ ચોખ્ખો ગુન્હોજ ગણાય.

સ૦—દિલ્લીના તમારા મુખ્ય એલચી સ્વામી શ્રદ્ધાનંદ—

ગાંધીજી—મેં શ્રદ્ધાનંદજીને મારા એલચી ગણ્યા જ નથી. એ તો મારા માનવંતા સહાયક હતા.

લૉ. હું૦—ત્યારે તમારા એ માનવંતા સહાયકે તમને આ બાબતમાં કાગળ લખીને દિલ્લી તથા પંજાબના અનુભવો પછી શારીરિક બળ અને ખૂનામરકી થયા વગર સાર્વત્રિક હડતાળ પાર પડવાની ચોખ્ખી અશકયતા બાબત કાગળ લખેલો?

જ૦—એ કાગળમાંની વિગત મને અત્યારે યાદ નથી. મને ભાસે છે કે એઓ તો એથીયે આગળ ગયા હતા. એમણે કહેલું કે કાયદાનો સવિનય ભંગ કરવાની હીલચાલ પ્રજામાં બેધડકપણે ચલાવવી અશકય ગણાય. મેં કાયદાનો સવિનય ભંગ કરવાનું મુલ્તવી રાખ્યું ત્યારે શ્રદ્ધાનંદજી અને મારી વચ્ચે એ વિષે મતભેદ થયો હતો. લોકોની ઉપર પૂરતો કાબૂ મેં નહોતો મેળવ્યો એ મારા ધ્યાનમાં આવ્યાથી મેં કાયદાનો ભંગ મુલ્તવી રાખ્યો. એમની દલીલ એવી હતી કે જો ખૂનામરકીના ભયથી સત્યાગ્રહ બંધ કરવાનો પ્રસંગ આવે તો સાર્વજનિક સત્યાગ્રહ થઇ જ ન શકે; કેમકે એટલા વિસ્તારવાળી લડતોમાં ખૂનામરકી તો થાય જ. હું તેમાં મળતો ન થઇ શકયો. કાયદાનો ભંગ કરવો એ જેટલે અંશે સત્યાગ્રહ છે તેટલે જ અંશે એવો ભંગ મુલ્તવી રાખવો એ પણ સત્યાગ્રહ હોય. એ પ્રસંગ આ અવસરે મારી સામે ઉભો રહ્યો અને મેં કાયદાના સવિનય ભંગ રૂપી સત્યાગ્રહ મુલ્તવી રાખ્યો. વળી આ બાબતનો વિચાર કરવામાં હડતાળ અને સત્યાગ્રહ વચ્ચેનો તફાવત પણ સમજી લેવો જરૂરનો છે. હડતાળમાં સત્યાગ્રહ રહેલો હોય અને ન પણ હોય. હડતાળની યોજના પ્રજાના તેમજ સરકારના

મન ઉપર વસ્તુસ્થિતિની ગંભીરતાની સચોટ અસર પડે એટલાજ હેતુથી કરવામાં આવી હતી. કાયદાનો સવિનય ભંગ રૉલેટ કાયદાની સામે થનારાઓને માટે જરૂરી તાલીમ મેળવવા માટે હતો. આવી કંઇ કસોટી વગર દેશનું મન પારખવાનું મારી પાસે બીજું સાધન નહોતું. મારાથી કેટલે દરજ્જે કાયદાનો સવિનય ભંગ થઇ શકે એ સમજવાનું હડતાળ એ યોગ્ય સાધન હતું.

સ૦—પણ સત્યાગ્રહના ઉપદેશની જોડાજોડ હડતાળ કરવાનું પણ લોકોને કહેવામાં આવે તો એનાથી મારફાડના જુસ્સાને ઉત્તેજન ન મળે ?

જ૦—મારો અનુભવ તો એથી તદ્દન ઉલટો છે. મેં તો હજારો લાખો સ્ત્રીપુરૂષોને અને ન્હાનાં બાળકબચ્ચાં-ઓને પણ અસાધારણ ચુપકીથી સરઘસોમાં ચાલતાં જોયાં અને હું તો દિંગ થઇ ગયો ! મારી ખાત્રી છે કે શુદ્ધ સ્વરૂપમાં સત્યાગ્રહનો ઉપદેશ કરવામાં ન આવ્યો હોત તો એ પરિણામ કદાપિ જોવા મળત નહિ. પણ હું પાછળ જણાવી ગયો તેમ હડતાળ એ એક વસ્તુ છે અને કાયદાના ભંગની ક્રિયા એ બીજી વસ્તુ છે. અને હડતાળને સમયેજ કાયદાનો ભંગ કરવો એવી મારી ગણત્રી હતી નહિ.

[બાદ લૉર્ડ હંટરે પલવલ સ્ટેશને ગાંધીજીને તેમની પરહેજગીની બાબતમાં તેમને ખરેખરજ પકડવામાં આવેલા કે કેમ એ વિષે પૂછવાની શરૂઆત કરી.] **ગાંધીજીની પરહેજગી**

લૉ. હં.—પલવલ આગળ તમને વાસ્તવિક રીતે પરહેજ કરવામાં આવેલા ખરા ?

ગાંધીજી—હાજી. મારી પરહેજગી એ માત્ર નામનીજ ન હતી પણ તેમાં પરહેજગીના બધા અંશો હતા. તેમજ મુંબઈ પાછા જવાનું મને કહેવામાં નહોતું આવ્યું પણ પોલીસ પરહેજમાં રાખીને મને મુંબઇ પાછો પહોંચાડી ગઇ હતી. દિલ્લીમાં દાખલ ન થવાના હુકમને તાબે ન થવાનો મારો નિશ્ચય પોલીસ અમલદારને મેં જણાવ્યા પછી જ્યારે ટ્રેઇન પલવલ સ્ટેશન પહોંચી ત્યારે અમલદાર ફરીથી મારા ડબામાં આવ્યો અને મારા ખભા ઉપર હાથ મૂકી મને કહ્યું 'મી૦ ગાંધી, તમને હું પરહેજ કરૂં છું.' આમ કહીને મને મારા સામાનસહિત ટ્રેઇનમાંથી ઉતારી લીધો. એકવાર પ્લૅટફૅાર્મની કોર ઉપર હું થુંકવા જતો હતો ત્યારે પહેરેગીરોએ મને રોકયો પણ ખરો. એમ કરવામાં એઓની ભૂલ હતી એવું કહેવાની મારી મતલબ નથી. પણ એ પરહેજગીનું ચિન્હ હતું એટલુંજ બતાવવા ઇચ્છું છું. પોલીસ તો કેવળ પોતાની ફરજ બજાવી રહી હતી.

સ૦—તમારે દિલ્લી અગર પંજાબ ન જવું એટલીજ સરકારની તો તમારી પાસે માગણી હતી ને?

જ૦—એ સવાલ તો હવે રહ્યોજ ન હતો. દાખલ ન થવાનો હુકમ મને પલવલ પહોંચતા પહેલાં મળ્યો હતો અને તેને હું માન ન આપી શકયો તેથી તો હું આગળ વધ્યો. એ ગુન્હાને સારૂ મને પકડવાની ક્રિયા બાકી રહી હતી, તે પલવલમાં કરવામાં આવી. અને તેથીજ મને પહેરાની હેઠળ મુંબઈ લઇ જવામાં આવ્યો.

સ૦—મતલબ કે એક સરકારી હુકમની રૂએ તમને

જણાવવામાં આવ્યું કે તમને દિલ્લી અગર પંજાબમાં જવા નહિ દેવામાં આવે અને જો મુંબઇ ઇલાકામાં રહેશો તો પૂરેપૂરી છૂટથી રહેવા દેવામાં આવશે.

જ૦—જી હા.

સ૦—એ તમને પકડીને જેલમાં નાંખ્યાથી તો જૂદું જ થયું કેની ?

જ૦—મને જેલમાં નાંખ્યાનો આરોપ તો સરકાર ઉપર કોઇએ મૂકયોજ નથી. ફરિયાદ એટલી હતી કે હું શાંતિ કરવા જતો હતો તેમાં સરકારે મને રોકયો અને પકડયો.

સ૦—જો સરકારને પ્રમાણિકપણે એમ લાગ્યું હોય કે તમારા સિદ્ધાંતના ઉપદેશથી જયાં લોકો ઉશ્કેરાએલા છે એવી કોઇ જગાએ તમને તમારા સિદ્ધાંતનો પ્રચાર કરવા જવા દેવા ઠીક નથી, તો એ સામે તમે વાંધો લ્યો ખરા ?

જ૦—એ દૃષ્ટિએ મારે કશું જ કહેવાપણું ન હોય.

સ૦—તમારા પકડાવા પછી દિલ્લીમાં, પંજાબમાં અને અમદાવાદમાં ગંભીર બનાવો બન્યા ખરૂં ? રમખાણો.

જ૦—હા જી.

સ૦—હવે અમદાવાદને લગતી બાબતોનો આપણે વિચાર કરવો રહ્યો. કહે છે કે અમદાવાદના મીલમજૂરોમાં તમે ભારે લોકપ્રિય છો એ ખરૂં ?

જ૦—જી.

સ૦—અને તમારી પરહેજગીથી એમનામાં ભારે ગુસ્સો ફેલાઇને અમદાવાદ તથા વીરમગામમાં તા. ૧૦, ૧૧

તથા ૧૨મી એપ્રિલે લોકોનાં ટોળાંઓને હાથે ખેદજનક કામો થયાં ખરૂં ?

જ૦—જી હા.

સ૦—એ બનાવની બાબતમાં અંગત માહિતી તમને કંઇ જ નહિ હોય, ખરૂં કેની ?

જ૦—ના જી.

સ૦—એ બનાવોની બાબતમાં અમે કંઇક મત બાંધી શકીએ એવું તમે કંઇ કહી શકો છો ?

જ—હું આટલું કહેવાની રજા લઇશ કે અમદાવાદનાં શું કે **વીરમગામનાં** શું, લોકોનાં ટોળાંઓએ કરેલાં કૃત્યોને તો મેં સર્વથૈવ અક્ષમ્ય માન્યાં છે; અને મને ખેદ છે કે લોકો એટલે દરજ્જે પોતાનું ભાન ભૂલી ગયા. છતાં એની સાથેસાથેજ હું એ પણ જણાવી દેવા ઇચ્છું ખરો કે વાજબી રીતે કે ગેરવાજબી રીતે પણ જે લોકોમાં હું પ્રિય હતો તેમના ધૈર્યની મને પકડીને સરકારે આકરી કસોટી કરી. સરકારે ડહાપણ બતાવવું ઘટતું હતું. હું એમ નથી કહેવા ઇચ્છતો કે સરકારેજ ભૂલ કરી અને લોકોએ નથી કરી. હું તો કહી ગયો કે લોકોની ભૂલ તો માફ નજ થઇ શકે.

[ત્યાર પછી અમદાવાદ પાછા ફર્યા પછી થએલી ભૂલો સુધારવા પોતે શું શું કર્યું તેનું ગાંધીજીએ વર્ણન કરી બતાવ્યું.]

"શાંતિ ફેલાવવાને સારૂ મારાથી જે થઇ શકે તે તે સેવા કરવાનું મેં સરકારને તેમ જ લોકોને સૂચવ્યું. મી૦

મૅટ અને બીજા અમલદારો જોડે મારે લાંબી વાત થઇ. ૧૩મી તારીખે લોકોની સભા ભરવાનું મેં નક્કી કરેલું પરંતુ તેમ કરવું ઘણું મુશ્કેલ જણાયું તેથી ૧૪ મી તારીખે સભા થઇ.

[આ સભામાં જ લોકોના વર્તનને વખોડી કહાડતાં જેમનો રમખાણોમાં હાથ હતો એ લોકોને પોતે ' ભણેલા ' કેવી રીતે કહ્યા અને તેમના કામને ' યોજિત ' કેવી રીતે ગણ્યું તે સમજાવતાં ગાંધીજીએ જણાવ્યું કે:—] રમખાણો અને 'ભણેલાઓ.'

" આ બન્ને શબ્દોનો મ્હારી વિરૂદ્ધ તેમજ લોકોની વિરૂદ્ધ વખતોવખત ઉપયોગ કરવામાં આવ્યો છે. પણ જેઓ ગુજરાતી ભાષા સમજે છે તેઓ બરાબર જાણે છે— અને સર ચીમનલાલ પણ સાક્ષી પૂરશે—કે 'ભણેલા' શબ્દનો અર્થ લખીવાંચી જાણનારા એટલો જ છે; અને ઉંચી કેળવણી પામેલાને સારૂ ' શિક્ષિત ' વિશેષણનો પ્રયોગ કરવામાં આવે છે. તેથી મેં વાપરેલા શબ્દમાં ડિગ્રીવાળાઓનો સમાવેશ થઇ શકતો નથી. તેજ પ્રમાણે ' યોજિત કાર્ય ' નો અર્થ પણ જે પ્રમાણે કરવામાં આવ્યો છે તે અયોગ્ય છે. યોજના એટલે હિન્દુસ્તાનમાં થએલા કોઇપણ કાવતરા અથવા ઘટનાનો આ અમદાવાદની યોજના ભાગ હતો એવું કહેવાનો મારો આશય ન હતો; અને મારૂં આખું ભાષણ વાંચનાર એ વાત સ્પષ્ટ રીતે સમજી શકે તેમ છે. એ વેળાએ મને પંજાબની તો શું પણ વીરમગામના બનાવોની પણ ખબર ન હતી. મારા વિચારો કેવળ અમદાવાદમાં બનેલા બનાવોને વિષે જ અપાયા હતા.

" મી૦ ગાઇડરની તપાસની સાથે મને કશો સબંધ ન હતો. હું જાણું છું કે મેં કોઇ પણ ગુન્હેગારનું નામ તેમને ન આપ્યું તેથી તેઓ મારી સામે ફરિયાદ કરે છે. પણ મારી કાર્યરેખા તે જાણતા નથી તેથી તેઓ ભ્રમિત થયા છે. મારૂં કામ ગુન્હેગારોની પાસે પશ્ચાત્તાપ કરાવવાનું, તેઓને ફરી ગુન્હો કરતા અટકાવવાનું અને ગુન્હો કબૂલ કરાવવાનું છે. જે માણસ આ કાર્ય કરે તેનાથી પોલીસને ખબર આપવાનું કાર્ય ન જ બની શકે, કેમકે એ બન્ને વિરોધી ધંધા છે. હું જાણું છું કે મી૦ ગાઇડર એથી ઉલટું માને છે, પણ મને તેઓ મનાવી શક્યા નહિ. અનસૂયા બહેનને વિષે દુષ્ટ અફવા ફેલાઇ તેથી લોકો વધારે ઉશ્કેરાયા. કેટલાક અર્ધદગ્ધ જુવાનો સીનેમેટોગ્રાફો, મૂર્ખ નવલકથાઓ અને ખૂનામરકીની આવશ્યકતા માનનારા નેતાઓની પાસેથી ખોટા વિચારો ગ્રહણ કરે છે. આવા માણસોને હું જાણું છું. તેવા ઘણાને સીધે માર્ગે ચઢાવવા મેં પ્રયત્ન કરેલ છે અને એવા ઘણાને ખૂનામરકીના ઉપાય ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો છે."

'યોજના' એટલે શું ?

" આવા પ્રકારના અડધું જ્ઞાન મેળવેલા જુવાનોથી પ્રેરિત થઇને અજ્ઞાની માણસોએ અમદાવાદમાં ન કરવાનાં કાર્ય કર્યાં. એવા ઘણા ન હતા એમ પણ હું જાણું છું. અને ખૂનામરકી ઇત્યાદિ યોજનાપૂર્વક થયાં છે એનો અર્થ આથી વિશેષ મેં સૂચવ્યો નથી, કર્યો નથી. યુનિવર્સિટીના શિક્ષિત માણસોની આ યોજના છે એવું મેં સૂચવ્યું નથી. આ કાર્યમાં તેઓનો હાથ હતો એમ મેં જાણ્યું પણ નથી.

સ૦—તમે એમ સૂચવો છો કે આ બધાં ટોળાંઓ એકજ ઇરાદાથી કામ કરી રહ્યાં હતાં?

જ૦—હું એમ નથી કહેતો. એમ કહેવું અતિશયોક્તિ ગણાય. પણ હું માનું છું કે એ ત્રણ માણસોએ લોકોને ઉશ્કેર્યા અને લોકો દોષમાં પડયા.

સ૦—આ કાર્યો સરકારની સામેનાં તમે ગણો છો કે યૂરોપીઅનોની સામેનાં?

જ૦—સરકારની સામે હતાં એમાં તો મને શક જ નથી. પણ આજસૂધીયે યૂરોપીઅનોની સામે તે હતાં કે નહિ એ વિષે હું નિશ્ચય કરી શકયો નથી. યૂરોપીઅનોની સામે ન હતાં એવાં શુભચિન્હો કેટલાંક તો મેં જોયાં છે, છતાં બધો વિચાર કરતાં હું ચોકસ નિર્ણય ઉપર આવી શકયો નથી.

સ૦—સત્યાગ્રહના સૂત્ર પ્રમાણે ગુન્હેગારોને સજા મળવી જોઇએ કે નહિ? સત્યાગ્રહ અને ગુન્હેગારો.

જ૦—ગુન્હેગારોને સજા કરવી એ ખોટું છે એમ કહેવા હું તૈયાર નથી. પણ તેથી વધારે સારો રસ્તો આપણી પાસે છે. સજા કરવામાં એવો ભાવ રહ્યો છે કે બહારથી દબાણ કરીને આપણે માણસને સુધારી શકીએ. આ વાત મને યોગ્ય નથી લાગતી. પણ અત્યારે તો હું આટલું કહું એ બસ છે કે ગુન્હેગારને સજા થાય તેની સામે સત્યાગ્રહી ફરિયાદ ન કરી શકે. એટલે સજાઓ વિષે સત્યાગ્રહીનું સૂત્ર સરકારી અમલનું વિરોધી નથી એમ કહી શકાય.

સ૦—પણ સત્યાગ્રહના નિયમ પ્રમાણે ગુન્હા શોધી

કદાચ એવી હકીકત સત્યાગ્રહીઓ ન આપે એમ તમે કહેતા જણાઓ છો.

જ૦—હું ઉપર કહી ગયો તેમ સત્યાગ્રહી બે ઘોડે ન ચઢી શકે. સુધારણા અને પોલીસચોકી એ બે સામસામી વાત છે. બન્ને રાજ્યસત્તાને મદદ કરનારાં છે, પણ દરેક જૂદે રસ્તે મદદ કરે છે. સત્યાગ્રહી લોકોને વિનયી અને સ્વેચ્છાએ કાયદાને માન આપનારા બનાવે છે. પોલીસખાતું ગુન્હેગારોને ખોળી કહાડી તેઓને સજા કરાવી ગુન્હા ઓછા કરવાની આશા રાખી રાજ્યસત્તાને મદદ કરવાનો દાવો કરે છે. બન્ને પક્ષનો ઇરાદો શુભ છે.

સ૦—ધારો કે સત્યાગ્રહીએ નજરોનજર ગુન્હો થએલો જોયો. આ ગુન્હાની પોલીસને ખબર આપવી એ તેની ફરજ છે કે નહિ? આ સવાલનો જવાબ તમને યોગ્ય જણાય તો જ આપજો.

જ૦—હું મી૦ ગાઇડરને તો એનો જવાબ આપી ચૂકયો છું અને મને ભાસે છે કે આપને પણ આપવો એ જ ઉચિત છે. આ દેશના યુવકવર્ગને મારા કોઇ પણ બોલથી આડે માર્ગે દોરવા હું નથી ઇચ્છતો; આપના સવાલના જવાબથી ગેરસમજ થવાનો ભય છે; છતાં એક સૂત્ર તરીકે તો મારે કહેવું જોઇએ કે કોઇ પણ માણસની પોતાના ભાઇની સામે સાક્ષી આપવાની ફરજ ન હોઇ શકે. અહીં 'ભાઇ'નો અર્થ હું સંકુચિતપણે નથી કરતો. જાતિ, ધર્મ, દેશનો ભેદ રાખ્યા વિના પ્રત્યેક એકબીજાના ભાઇ છે એવો અર્થ કરશો. સત્યાગ્રહીથી 'ભાઇ'નો સંકુચિત અર્થ

કરાય નહિ. જો હું મારા ભાઇને ગુન્હામાંથી છોડાવવા ઇચ્છું તો હું તેના ગુન્હાની પોલીસને ખબર આપીને છોડાવી ન શકું. હું મારા ભાઇની ઉપર કાંઇ પણ અસર કરી શકું તેનાં પહેલાં તે મારી આગળ જે કંઇ કહે તેને વિષે મારે તેને નિર્ભય બનાવવો જોઇએ. હું તેમ ન કરૂં તો તે છૂટથી પોતાના ગુન્હાને ન સંભળાવે. પણ પોતે નજરે જોએલા ગુન્હાની પણ જુબાની ન આપવાનો અધિકાર માત્ર સંપૂર્ણ સત્યાગ્રહીને જ પ્રાપ્ત થાય છે. આટલું હું ઉમેરવા ઇચ્છું છું કે દક્ષિણ આફ્રિકામાં તેમજ અહીં હું ખૂની ગુન્હેગારોના પ્રસંગમાં આવેલો છું અને તેમાંના ઘણાએ પોતે કરેલાં પાપોનો પશ્ચાત્તાપ કર્યો છે; કેટલાકે ગુન્હા કરવાનું છોડી પણ દીધું છે. આમ છતાં જુબાની ન આપવાના એવા અધિકારનો દાવો હું પોતે કરતો નથી. હું મને પોતાને સંપૂર્ણ સત્યાગ્રહી માનતો નથી. એટલે મારી નજરે ગુન્હો થએલો હું જોઉં તો તેને વિષે સાક્ષી નજ આપું એવું હું કહી શકતો નથી.

સ૦—આ શિવાય બીજું કંઇ તમારે કહેવાની ઇચ્છા છે?

જ૦—હા જી. મને લાગે છે કે જે ખાસ અદાલતો અહીં નીમવામાં આવી હતી તેમનું કામ ઠીક ન્યાયસર થયું હતું. આથી મને ટીકા કરતાં સંકોચ થાય છે; તોપણ આટલું તો હું કહીશ કે સરકારે લડાઈ કરવાના ગુન્હાનો આરોપ લોકોપર મૂકવો નહોતો જોઇતો. તેમ થવાથી કેટલાક લોકોને હદ કરતાં વધારે સજા થઇ છે. એ ઉતાવળું પગલું હતું. ખાસ અદાલતો.

સ૦—પણ એ તો તમે સરકારી વકીલનો દોષ જણાવ્યો.

જ૦—હું એમ નથી માનતો. આવાં ભારે કામોમાં સરકારી વકીલ તેના મુખીને પૂછ્યા વિના જવાબદારી ન ઉઠાવે. તેથી હું કમિટીને કહેવા ઇચ્છું છું કે અદાલતોની મારફતે યોગ્ય અને કેટલીક વેળા જોઇએ તેથી વધારે સજા મળ્યા છતાં અમદાવાદની ઉપર જે દંડ નાંખવામાં આવ્યો છે તે વધારે પડતો ગણાય જ. વળી મજૂરોની ઉપર સરખે હિસ્સે કર નાંખવામાં આવ્યો એ બેવડી સજા કરવા જેવું થયું છે. અને કર ઉઘરાવવાની ઢબ ગેરવાજબી અને મજૂરોને હલાકી કરનારી ગણું છું. નડીઆદ તેમજ બારેજડી ઉપર વધારાની પોલીસ નાંખવામાં આવી છે એ તદ્દન ગેરવાજબી માનું છું. નડીઆદના કલેક્ટરે પાટીદાર અને વાણીઆ વર્ગ ઉપર બોજો નાંખવા વિષે જે દલીલો આપેલી છે તે વજૂદ વિનાની છે, એટલું જ નહિ પણ તેમાં વેરભાવ જોઉં છું. મને તો ખાત્રી થઇ છે કે જેઓ ટ્રેઇનના પાટા ઉખેડવા ગયા હતા તેઓને નડીઆદીઓએ જરા પણ મદદ નથી કરી. એટલું જ નહિ પણ તેઓએ સરકારને મદદ કરેલી છે, અને તેઓએ આપેલી મદદ કલેક્ટરે સુંદર શબ્દોમાં કબૂલ પણ કરેલી છે. મારા અભિપ્રાય પ્રમાણે બારેજડી અને નડીઆદનો જે દંડ થયો છે તે રદ થવો જોઇએ અને બારેજડી નડીઆદ ઉપરથી વધારાની પોલીસ ખેંચી લેવાવી જોઇએ.

જસ્ટિસ રૅન્કિનની વપાસ.

જસ્ટિસ રૅન્કિન—હું તમને લાંબા સવાલ પૂછવા નથી ઇચ્છતો. સત્યાગ્રહની ઉંડી ચર્ચામાં પણ નહિ ઉતારૂં. પણ જો તમને હરકત ન હોય તો તમારી મારફતે

હું કેટલીક ખબર જાણુવા ઇચ્છું છું. તમે કહો છો કે તમે પોલીસના હુકમોને પૂરેપૂરૂં માન આપવાને લોકોને સૂચવેલું હતું.

ગાંધીજી—આપ બરોબર કહો છો.

સ૦—મૅજીસ્ટ્રેટ જે કંઇ હુકમો કાઢે તેને પણ માન આપવાનું તમે કહેલું ?

જ૦—હા જી. આ બાબતની ચર્ચા અમારામાં કાયદાનો સવિનય ભંગ શરૂ થયો તેના પહેલાં જ થએલી હતી અને મેં એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો કે સરઘસો વગેરે કાઢવાને લગતા બધા કાયદાને પૂરેપૂરૂં માન અપાવું જોઇએ.

સ૦—આ બાબત તમે ભાષણો કરેલાં કે નોટીસો કહાડેલી ?

જ૦—નોટીસો કહાડેલી અને ભાષણો પણ કરેલાં એવું મને યાદ છે.

સ૦—તમારી પાસે એને લગતાં ભાષણો નોટીસો વગેરે જે કંઇ હોય તે મને તારીખવાર મોકલશો ?

જ૦—અવશ્ય મોકલીશ. મારી પાસે કેટલું નિકળી શકશે એનો મને અત્યારે ખ્યાલ નથી.

સ૦—તમને સ્વામી શ્રદ્ધાનંદજીએ દિલ્લી જવા તાર કરેલો તે સત્યાગ્રહ ફેલાવવાને ?

જ૦—ના જી. દિલ્લીમાં અશાંતી વર્તતી હતી તેથી લોકોનાં મન શાંત કરવાને. સ્વામીજીની એવી માન્યતા હતી કે હું લોકોનાં મન શાંત કરી શકીશ.

સ૦—એ તારો પણ તમારી પાસે હોય તો મને મોકલશો ?

જ૦—મને ધારતી છે કે એ મારી પાસે નહિ હોય. જેના જવાબો હું આપી દઉં છું એવા ઘણા કાગળીઆ તેજ વેળાએ ફાડી નાંખવાની મારી આદત છે. ભવિષ્યમાં ઉપયોગી હોય એવાજ કાગળો હું સાચવું છું. છતાં હું તપાસ કરીશ.

સ૦—તમે પલવલથી પાછા ફર્યા અને ભાષણો કર્યાં તેમાં તમે જણાવ્યું છે કે તમારી ઇચ્છા ફરી પાછા તુરત દિલ્લી જવાની હતી. જો તમારો ઇરાદો દિલ્લીમાં શાંતિ જ ફેલાવાનો હતો તો તમે પાછા દિલ્લી જવાનો ઇરાદો કેમ રાખ્યો ?

જ૦—કેમકે મને પલવલથી પાછો ફેરવવામાં આવ્યો ત્યારે સત્યાગ્રહી તરીકે મારી ફરજ તે હુકમનો અનાદર કરવાની થઈ પડી.

સ૦—પણ તમારા પાછા દિલ્લી જવાથી અશાંતિ થાય નહિ ? અને તમે સરકારને તમારા કાર્યથી તકલીફમાં ન નાંખો ?

જ૦—સરકાર ગેરવર્તણુક ચલાવે, એ ગેરવર્તણુકને લીધે હું કાંઇ પણ યોગ્ય પગલું ભરૂં, અને તેથી સરકાર ગુંચવાડામાં આવી પડે તેને સારૂ હું જવાબદાર ન બનું. પણ હુકમનો અનાદર કરી મારા દિલ્લી જવાથી અશાંતિ થાય તો હું અનાદર કરતો જરૂર અટકું; કેમકે સત્યાગ્રહના બીજા સિદ્ધાંતને એવા અનાદરથી દોષ આવે. અને જયારે મને બધી જગ્યાએ ખૂનામરકી થયાની ખબર પડી

ત્યારે તુરતજ ઘણી દિલગીરી સાથે મેં દિલ્લી જવાનું મોકૂફ રાખ્યું.

સ૦—ત્યારે ફરી દિલ્લી જવામાં તમારો હેતુ શો રહ્યો?

જ૦—સત્યાગ્રહી અન્યાયી અથવા તો જુલમી હુકમની સામે માત્ર પોતે દુઃખ ભોગવીને જ થઇ શકે છે અને આ સમયે રૅાલેટ કાયદા વિષે સત્યાગ્રહ ચાલતો હતો. તેથી જ મને દિલ્લી જતાં અટકાવવામાં આવ્યો ત્યારે પ્રથમ દષ્ટિએ તે હુકમનો મારે સાદર નિરાદર કરવો એ મારી ફરજ થઇ પડી. પણ જ્યારે પંજાબમાં બનેલી બીનાઓની મને ખબર પડી ત્યારે મારી ઉપર એવો નિરાદર મોકૂફ રાખવાની વિશેષ ફરજ આવી પડી.

સ૦—તમે કાયદાનો સવિનય ભંગ બે વખત મુલ્તવી રાખ્યો; બીજી વખતે કેમ મુલ્તવી રાખવો પડયો?

જ૦—ના૦ વાઇસરોયે અને મુંબઇના ગવર્નર સાહેબે મને ઘણી ચેતવણીઓ આપી. તેઓએ પોતાની પાસેની વિશેષ માહિતોનો ઉપયોગ કરી મને સૂચવ્યું કે ખનામરકી થવાનો ભય દૂર થયો છે એવી મારી માન્યતા વાસ્તવિક ન હતી. મેં વિચાર્યું કે આવી ચેતવણીને માન આપવું એ મારો ધર્મ છે.

સ૦—લોકોમાં સત્યાગ્રહના પ્રચારથી કાયદા પ્રત્યેનું માન ઓછું થઇ ગયું છે એ તમે કબૂલ નહિ કરો?

જ૦—સામાન્ય રીતે હું એ કબૂલ નહી કરી શકું. લોકો હવે કાયદાને ઓછું માન આપતા થયા છે એમ હું

માનતો નથી. પણ મારે એટલું કબૂલ કરવું જોઇએ ખરૂં કે કોઈ કોઇ જગ્યાએ મારા પ્રચારનું તાત્કાલિક પરિણામ કાયદા પ્રત્યેનું માન ઓછું થવા રૂપે પણ આવ્યું છે.

સ૦—કયા કાયદા તોડવા એ વિષે કમિટી નીમવાનો હેતુ વધારે સ્પષ્ટ કરશો?

જ૦—કમિટી નીમીને સત્યાગ્રહીઓની ઉપર અંકુશ મૂકયો. કયા કાયદાનો સવિનય ભંગ થઇ શકે એ દરેક માણસ એકાએક નહિ વિચારી શકે; અને અવિનયી ભંગ થવાનો સમય આવે. તેવું અટકાવવું એ કમિટીનો હેતુ હતો.

સ૦—કમિટીઓ જુદી જુદી જગાએ નીમાએલી હતી એ બધી સ્વતંત્ર હતી?

જ૦—તે કાયદેસ્વતંત્ર હતી, પણ હકીકતમાં બધીની ઉપર મારો અંકુશ રહ્યો હતો, કેમકે તે અંકુશની પ્રત્યેક કમિટીએ માગણી કરી હતી. મનેજ લગભગ દરેક કમિ-ટીનો પ્રમુખ નીમીને તે તે કમિટીએ મારો અંકુશ સ્વીકારી લીધો હતો; અને સત્યાગ્રહ જેવી નવી વસ્તુના પ્રચાર સમયે આ વ્યવસ્થા મને યોગ્ય લાગી.

સ૦—'પૅસિવ રિઝિસ્ટન્સ' અને 'સિવિલ ડિસ્ઓ-બીડિઅન્સ' વચ્ચેનો તફાવત બતાવશો?

જ૦—બન્ને નોખી વસ્તુઓ છે. 'પૅસિવ રિઝિસ્ટન્સ' માં મંદતા રહેલી છે. તેમાં કાયદાનો ઇરાદાપૂર્વક ભંગ સમાતો નથી. જે કાયદો અપમાનયુક્ત છે તે પૅસિવ રિઝિસ્ટર ઉપર આવી પડે ત્યારે તે:તેને તાબે ન થાય એટલુંજ. પણ

'સિવિલ ડિસ્ઓબીડિઅન્સ '—સવિનય ભંગ—એ એક તીવ્ર પ્રવૃત્તિ છે અને રાજ્યપ્રકરણી ક્ષેત્રમાં અનેક પ્રકારનાં દુઃખોનું નિવારણ કરવાને સારૂ જેના ભંગમાં અનીતિ ન થતી હોય એવા અનેક કાયદાઓનો ઇરાદાપૂર્વક સવિનય ભંગ કરીને સ્વેચ્છાએ દુઃખ વ્હોરી લેવાનો ધર્મ પ્રાપ્ત કરાવનારૂં એ ભારે શસ્ત્ર છે. પૅસિવ રિઝિસ્ટન્સમાં ઘણી વેળા સામેના માણસને ઇજા કરવાનો પણ જ્ઞાનપૂર્વક સમાવેશ મેં જોયો છે. સવિનય ભંગમાં કોઇને ઇરાદાપૂર્વક ઇજા કરવાનો કદિ સમાવેશ થતોજ નથી.

સર ચીમનલાલ—હું સત્યાગ્રહ સમજ્યો છું તે પ્રમાણે તમારે સત્યનું આચરણ કરવાનું છે અને તેમ કરતાં જે દુઃખ પડે તે વ્હોરી લેવું અને અને કોઇને દુઃખ ન દેવું. **સર ચીમનલાલની તપાસ.**

ગાંધીજી—હા જી.

સ૦—હવે, ગમે તેવો પ્રમાણિક માણસ હોય તોપણ બીજા પ્રમાણિક માણસો અને પોતાની વચ્ચે સત્યને વિષે પણ મતભેદ તો હોય છે એમ આપણે જોઇએ છીએ. ત્યારે સત્યનો નિર્ણય કોણ કરી શકે?

જ૦—દરેકે પોતાને સારૂ કરવો રહ્યો.

સ૦—પણ જેટલાં માથાં તેટલા મત હોય છે એટલે ગોલમાલ થવાનો સંભવ નથી રહેતો?

જ૦—મને એમ ભાસતું નથી.

સ૦—પણ એકજ સત્યને શોધતાં દરેક માણસ જુદા જુદા અભિપ્રાયો બાંધતોજ આવ્યો છે.

જ૦—તેથીજ અહિંસા એ સત્યાગ્રહનો આવશ્યક ભાગ છે. એ વિના હું કબૂલ કરૂં કે ગોલમાલ થાય એટલુંજ નહિ પણ તેથીએ વધારે દુઃખદ પરિણામો આવવા સંભવ રહે.

સ૦—ત્યારે સત્યનો આગ્રહ રાખનાર માણસ ચારિત્ર્યમાં અને બુદ્ધિમાં બહુ કુશળ હોવો જોઇએ એમ તો તમે કબૂલ કરશો?

જ૦—ના જી. સત્યાગ્રહને પૂરતા સત્યના અને અહિંસાના તત્ત્વની આશા હું બધામાં રાખું. ધારો કે કએ કાંઇ સત્ય શોધી કહાડયું અને ખએ તથા ગએ તેનો સ્વીકાર કર્યો. પછી ખમાં અને ગમાં કના જેટલાંજ ઉંચાં ચારિત્ર્ય અને બુદ્ધિની જરૂર સત્યાચરણને સારૂં હું નથી સ્વીકારતો.

સત્યાગ્રહ અને અંધશ્રદ્ધા.

સ૦—ત્યારે આનો અર્થ એ થયો કે એક માણસ નિર્ણય કરે અને તેનાથી ઓછા ચારિત્ર્ય અને બુદ્ધિવાળાઓએ આંધળા થઇને તેનું અનુકરણ કરવું.

જ૦—આંધળા થઇને અનુકરણ કરવાની વાત મારા આગલા જવાબમાંથી આપ નથી ઘટાવી શકતા. હું જે કહેવાને ઇચ્છું છું તે આ છે. માણસ પોતે સ્વતંત્ર રીતે જો શોધો કરી સત્ય ખોળવાજ ઇચ્છે તો જેણે અમુક વિષય બાબત શોધ કરી હોય તેનો એ સ્વીકાર કરે અને પછી કોઇને નુકસાન પહોંચાડયા શિવાય સત્યમાર્ગે ચાલે. આમાં અમુક માણસની શોધ યોગ્ય છે કે અયોગ્ય, ખરી છે કે ખોટી, તે જાણવા પૂરતો બુદ્ધિનો ઉપયોગ દરેકે કરવો

રહ્યો છે. એટલે સત્યાગ્રહમાં અંધશ્રદ્ધાને કયાંએ અવકાશ નથી.

સ૦—ત્યારે તમારા ધોરણ પ્રમાણે તો એમ થયું કે ચારિત્ર્યકુશળ અને બુદ્ધિકુશળ માણસ જે નિર્ણય કરે તે તે પ્રમાણે બીજાઓએ આંધળાભીંત બની વર્તવું, કેમકે તેઓ ઓછી બુદ્ધિને લીધે સ્વતંત્ર નિર્ણય નથી કરી શકતા.

જ૦—આપે મારો વિચાર બરોબર મૂકયો ન ગણાય. મેં કહ્યું કે હું અંધ અનુકરણને માનતોજ નથી. સામાન્ય માણસમાં કામ કરવાની જેટલી શક્તિ છે તેથી વધારે શક્તિની જરૂરીઆત સત્યાગ્રહમાં મેં માની નથી.

સ૦—હું માનું છું કે અમુક હીલચાલની ફતેહનો આધાર તો તેના અનુયાયીઓની સંખ્યા ઉપર રહે છે—

જ૦—સત્યાગ્રહને વિષે એવું કંઇ ખાસ છે એમ હું કબૂલ ન કરૂં. સત્યાગ્રહમાં એકજ શુદ્ધ સત્યાગ્રહી વિજય મેળવી શકે છે.

સ૦—તમે તમારી જુબાનીમાં કહી ગયા છો કે તમે સંપૂર્ણ સત્યાગ્રહી હજુ ન કહેવાઓ; ત્યારે બીજાઓ તો તમારાથી વધારે ઉતરતી કોટીના હોવા જોઇએ.

જ૦—એમ હોવાનું કંઇ ખાસ કારણ નથી. હું માનતો નથી કે મારામાં કંઈ ખાસ વિશેષતા રહેલી છે. મારા કરતાં સત્યનો વધારે શુદ્ધ નિર્ણય કરનારા હોઈ શકે. દક્ષિણ આફ્રિકામાં ૪૦ હજાર અણપઢ હિંદી સત્ય જોઇ શકયા અને સત્યાગ્રહ કરી શકયા. અને જો હું આપને ત્યાંનાં કેટલાંક સ્મરણો આપી શકું તો દક્ષિણ આફ્રિકામાં

વસતા આપણા ભાઇઓએ પોતાના મન ઉપર કેટલો કાબૂ મેળવ્યો હતો એ જાણી આપને આશ્ચર્ય થાય.

સ૦—ત્યાં તો તમે બધા એકજ મતના હતા.

જ૦—ત્યાંના કરતાં અહીં મેં વધારે એકમત અનુભવ્યો છે. ત્યાં કંઈ થોડા મતભેદ ન હતા.

સ૦—પણ ત્યાં તો તમારે એક ચોખ્ખો મુદ્દો હતો; અહીં તેવું નથી.

જ૦—અહીં પણ મુદ્દો સરળ અને એક જ છે; અને તે રૉલેટ ઍક્ટને રદ કરાવવો.

સ૦—વારુ, સત્યાગ્રહ કરતાં માણસ જેલમાં જાય; એની માન્યતા પ્રમાણે એમાં એને અન્યાય થાય છે તેથી એ રીસે ભરાઇ એનામાં રાજ્યકર્તા તરફ દ્વેષ ન આવે?

જ૦—મારો લાંબા કાળનો અનુભવ એથી વિરૂદ્ધ છે. દક્ષિણ આફ્રિકામાં હું જોઈ શકયો છું કે આઠ વર્ષની ઘણી સખત લડાઇને અંતે ત્યાંના રાજ્યવર્ગ અને હિન્દીઓની વચ્ચે દ્વેષભાવ ન વધ્યો એટલું જ નહિ ;પણ બન્ને પક્ષ એક બીજાને માન આપતા થયા.

સ૦—પણ દુ:ખ જ ભોગવ્યાં કરનારનામાં શું ભારે સહનશક્તિની જરૂર નથી?

જ૦—એવી કંઇ ભારે સહનશક્તિ જોઇએ એમ હું માનતો નથી. જે સહનશકિત પ્રત્યેક માતામાં રહેલી છે તેના કરતાં વધારેની જરૂર સત્યાગ્રહીને જેલના કે તેના બીજા દુઃખમાં નથી રહેલી. હું નમ્રતાપૂર્વક સૂચવું છું કે આપણા ભાઇઓએ એવી સહનશકિત બહુયે બતાવી છે.

સ૦—અમદાવાદનો દાખલો લ્યો. તેઓએ બતાવી કે ?

જ૦—હું કહીશ કે જ્યારે અમદાવાદ ઈત્યાદિના લોકો ભાન ભૂલી ગયા ત્યારે હિન્દુસ્તાનના બીજા બધા ભાગોમાં એ કઠિન સમયે લોકોએ અપૂર્વ ખામોશી પકડી હતી. અમદાવાદમાં અને બીજી જગ્યાએ જે બન્યું એ સૂચવે છે કે લોકોએ પોતાની ઉપર હજુ સંપૂર્ણ કાબૂ મેળવ્યો નથી. ખેડામાં લોકોને રોષ ચઢવાનાં કંઈ થોડાં કારણ ન હતાં તેમ છતાં તેઓએ ગયે વર્ષે સરસ કાબૂ જાળવ્યો હતો.

સ૦—ત્યારે જે ખૂનામરકી થઈ તેને તમે અકસ્માત ગણો ?

જ૦—અકસ્માત તો નહિ ગણું પણ એ અપવાદ રૂપે હતી. અને જેમ જેમ સત્યાગ્રહની ઓળખ થતી જશે તેમ તેમ લોકો વિશેષ કાબૂ મેળવતા જશે. હું માનું છું કે લોકો સત્યાગ્રહનું રહસ્ય એટલે સૂધી સમજી શકયા છે કે જરૂર જણાયે હું ફરી કાયદાનો સવિનય ભંગ શરૂ કરવાની હિમ્મત કરૂં ખરો. સત્યાગ્રહરૂપી અગ્નિમાંથી નિકળવાને લીધે દેશ વધારે પવિત્ર અને વધારે ઉજ્વળ બન્યો છે એવી મારી ખાત્રી છે.

સ૦—સામાન્ય રીતે તમારા મત પ્રમાણે સરકારની સાથે સહકાર અને તેમના પ્રત્યે અદ્વેષ હોવાં જોઇએ. દુઃખ સહન કરતાં કરતાં આમ બની શકે ?

જ૦—મારો ત્રીશ વર્ષનો અનુભવ મને સિદ્ધ કરી આપે છે કે ઈરાદાપૂર્વક, ધર્મ સમજીને, જે માણસ દુઃખ સહન કરે છે એ માણસ દુઃખ પાડનાર પ્રત્યે દ્વેષ કરતો

નથી. દક્ષિણ આફ્રિકામાં આ સિદ્ધાંત હું ઓળખી શકયો. જે જનરલ સ્મટ્સે હજારો હિન્દીને કેદમાં ઘાલ્યા હતા તેજ જનરલ સ્મટ્સના હાથ નીચે તેમાંનાજ હિન્દીઓ પૂર્વ આફ્રિકામાં મહાયુદ્ધને સમયે લડયા, અને જનરલ સ્મટ્સ વિલાયતથી પાછા ફર્યા ત્યારે તેઓએ તેમને સ્વેચ્છાએ માનપત્ર આપ્યું.

સ૦—સત્યાગ્રહની પ્રતિજ્ઞા લીધા વિના લોકો એ હીલચાલમાં ભાગ લઇ શકે ?

જ૦—પ્રતિજ્ઞા નહિ લેનારને હું કાયદાનો સવિનય ભંગ કરવામાં સામેલ ન થવા દઉં પણ તેમની બીજી બધી મદદ અવશ્ય માગું અને લઉં. રૉલેટ ઍકટની લડતમાં જેઓએ પ્રતિજ્ઞા નહોતી લીધી તેઓ સવિનય ભંગમાં ભળ્યા ન હતા. આવા બીજાઓને સારૂ બીજી પ્રતિજ્ઞા તૈયાર કરવામાં આવી હતી. તે વડે તેઓ સત્ય અને અહિંસા જાળવવા બંધાયા હતા. લડતના એક અંશને એક વેળાએ અને બીજા અંશને બીજી વેળાએ આગળ લાવવાનો આગેવાનોને અધિકાર છે એ ધોરણ પ્રમાણે મેં તે વેળાએ સવિનય ભંગના અંશને ગૌણ કર્યો અને સત્ય તથા અહિંસાના તત્ત્વને પ્રધાનતા આપી.

મિ. બેસંટ અને સત્યાગ્રહ.

સ૦—મિસીસ બેસંટે સત્યાગ્રહની પ્રતિજ્ઞા લીધી હતી કે ?

જ૦—એ વિષે મતભેદ છે. મુંબઈમાં હું સમજેલો તે પ્રમાણે તેમણે કમિટીવાળા શબ્દો બાદ કરીને પ્રતિજ્ઞા લીધી હતી. મિસીસ બેસંટે પોતે એમ જણાવ્યું કે તેમણે પ્રતિજ્ઞા લીધીજ ન હતી.

સ૦—મિસીસ બેસંટે એમ નહોતું બતાવ્યું કે રૉલેટ ઍકટનો સવિનય ભંગ કરવાને સારૂ માણસ 'એનાર્કિસ્ટ' હોવો જોઇએ ?

જ૦—તેમણે એમ કહ્યું છે ખરૂં પણ હું એવું માનતો નથી. અને રૉલેટ ઍકટનો સવિનય ભંગ કરવાનો સમય તો કોઇ પ્રસંગેજ આવી શકે.

સ૦—સત્યાગ્રહમાં સરકારને પજવવાનો ખ્યાલ નથી રહ્યો?

જ૦—કદિ નહિ. સત્યાગ્રહી સરકારને પજવીને દાદ લેવા ઇચ્છી શકેજ નહિ. સત્યાગ્રહી હમેશાં સામા પક્ષની બુદ્ધિને પોતાના સત્યના બળ વડે જાગૃત કરે છે, અને દુઃખ સહન કરીને તેના હૃદય ઉપર અસર પાડે છે.

સ૦—પણ તમારી રીત પ્રમાણે કરતાં રાજ્ય ચલાવવું અશકય ન થઈ પડે ?

જ૦—જો કેળવ નિર્દોષ માણસો સત્યાગ્રહ ચલાવે તો વ્યવસ્થા તૂટી પડવાનો સંભવ ઘણો ઓછો જોઉં છું. પણ જો કોઇ રાજ્યકર્તા ન્યાયનો કેવળ તિરસ્કાર કરવા બેસી જાય તો એવી અન્યાયી વ્યવસ્થા અશકય બનાવવાનો પ્રયત્ન કરતાં હું જરૂર હઠું નહિ.

સ૦—તમારા સંદેશામાં તમે લોકોને ખૂનામરકી નહિ કરવાની સલાહ આપી છે; છતાં તેઓએ ખૂન કર્યાં, મકાનો બાળ્યાં. તમને એમ નથી લાગતું કે સામાન્ય માણસ તમારૂં અહિંસાનું તત્ત્વ જાળવી ન શકે ?

જ૦—હું કબૂલ કરીશ કે ઘણાં વર્ષો સૂધી ખૂન-

ખરાબી ઉપર વિશ્વાસ રાખેલો હોવાથી માણસો તેમ નહિ કરવાના ફાયદા એકાએક ન સમજી શકે, અથવા સમજતા છતાં પોતાના આવેશને ન રોકી શકે.

યોજના.' સ૦—હવે હું થોડા સવાલો તમે 'યોજના' વિષે જે કહ્યું છે તે બાબત પૂછીશ. 'યોજના' કયારે થઇ?

જ૦—મારી ખબર પ્રમાણે અને મારા સ્મરણ પ્રમાણે તા.૧૦મીની રાત્રે અને ૧૧મીને દિવસે.

સ૦—કેવી રીતે યોજના થઇ?

જ૦—કેટલાક યુવકોએ પોતાને મળતાં ટોળાંઓને મકાનો બાળવાનું સમજાવ્યું. મારી સમજ પ્રમાણે જાનને નુકસાન કરવાની સૂચના થએલી જણાતી નથી. ઘણા માણસોએ આ યોજનામાં ભાગ લીધો એમ કહેવાની મારી મતલબ નથી.

સ૦—આ બાબત તમે બધી હકીકત આપી શકો છો?

જ૦—હું મને ખબર આપનારનાં નામનિશાન નહિ આપી શકું. પણ જે પ્રમાણે યોજના ઘડાઇ તે હું કહી રહ્યો છું.

સ૦—તમારી પાસે પુરાવો આવ્યો તે ભરોસાલાયક હતો એમ તમે કેમ કહી શકો છો?

જ૦—મારી પાસે જેઓએ ખનામરકી જોઇ, જેઓને મકાનો બાળવાનું સમજાવવામાં આવ્યું અને જેઓએ એ સાંભળ્યું તે ત્રણે વર્ગે વાત કહી.

સ૦—પણ તમને એ લોકોએ ખોટી ખબર આપી નથી એ તમે કેમ કળી શકો?

જ૦—હું માનું છું કે મારામાં ખરૂંખોટું પારખવાની ઠીકઠીક શકિત છે. મારી પાસે કોઇ ગામડાનાં માણુસો આવે, તેઓને હું ઠપકો આપું ત્યારે તેઓ ઇન્કાર કરવાને બદલે પોતે કરેલાં કૃત્ય કબૂલ કરે, વર્ણવી બતાવે, ત્યારે તેમના કહેવા ઉપર મને વિશ્વાસ આવે. ખેડામાં રેલના પાટા ઉખેડવામાં આવ્યા હતા, એ કામ ગણ્યાગાંઠ્યા માણસોએ કર્યું હતું. તેઓ દારૂ પીનારા હતા. નડીઆદીઓનો તેમાં હાથ નહોતો. જો તેઓને ખબર હોત તો તેઓ એ કામ અટકાવત એમ હું માનું છું. આ વિષે ખબર આપનારાઓ તરફ મારૂં એટલું માન છે કે તેઓની હકીકત ઉપર હું જરૂર વિશ્વાસ મૂકું.

સ૦—જેમણે ગુન્હા કર્યા તેવા માણસોને સજા થઈ છે કે?

જ૦—હું નિશ્ચયપૂર્વક નથી કહી શકતો. સજા કોને કોને થઇ એ તરફ મેં ધ્યાન નથી આપ્યું.

સ૦—તમારા એક કાગળમાં તમે કાયદાનો સવિનય ભંગ બંધ કરવાનાં કારણો આપ્યાં છે અને ફરી શરૂ કરવાની શરતો જણાવી છે. તમે એમ કહ્યું છે કે લોકો જ્યાંસૂધી ખૂનામરકી કરે એવો ભય રહે ત્યાં સુધી તમે કાયદાનો ભંગ શરૂ ન કરો; અને તમે એમ પણ બતાવ્યું છે કે જુલાઇ માસ સુધીમાં લોકો તમે કાયદાનો ભંગ કરી શકો એટલા તૈયાર થયા હશે. એપ્રિલ મહિનાના અનુભવ પછી તમે એવું કેમ ધારી શકયા? કાયદાનો ફરી ભંગ.

જ૦—લોકોનો અનુભવ લીધા પછી, લોકોનો પશ્ચા-

જાપ સાંભળ્યા પછી મને વિશ્વાસ આવ્યો કે લોકો સમજી ગયા હોવા જોઇએ.

સ૦—ત્યારે તમને એટલી ટુંકી મુદતમાં ખાત્રી થઇ ગઇ કે લોકો સત્યાગ્રહનું ઉંડું રહસ્ય સમજી ગયા?

જ૦—એવું તો મેં કંઈ નથી ધાર્યું. લોકો સત્યાગ્રહનું ઉંડું રહસ્ય ન સમજ્યા હોય એ હું સ્વીકારી શકું છું. પણ લોકો એટલું સમજી ગયા કે જો તેઓ કાયદાનો સવિનય ભંગ કરવામાં ભાગ ન લે તોયે તેઓ તેવા સત્યાગ્રહીઓને ખનામરકીથી દૂર રહી અહિંસાનું તત્ત્વ પાળીને મદદ કરે. એટલું લડત ફરી શરૂ કરવાને સારૂ બસ થાય.

સ૦—અને જો લોકો એટલું પણ ન સમજ્યા હોય તો તમે સરકારે કરેલી મિલીટરી ગોઠવણ ઉપર સુલેહ જળવાવાનો આધાર રાખ્યો?

જ૦—હા જી.

સ૦—એટલે એમ થયું કે તમે કાયદાનો ભંગ કરવાની મજો લઇ શકો એટલા સારૂ તમે હિંદુસ્તાનમાં બધે લશ્કર ગોઠવાઇ જાય એમ ઇચ્છયું.

જ૦—મારા કાગળનો એવો અર્થ નથી. હું એ પ્રમાણે ઇચ્છવાનો ગુન્હો ન કરૂં. જે અર્થ મેં કર્યો છે એ અર્થ સ્વીકારવા હું આપને સૂચવું છું.

સ૦—તમે એ પ્રમાણે ન ઇચ્છો તો તમે મિલીટરી ગોઠવણનું લખ્યું છે તેનો શો અર્થ?

જ૦—એનો અર્થ સીધો છે. જો સરકાર મેં ઇચ્છયા વિના કે સૂચવ્યા વિના અનાયાસે પોતાની મેળે એવી લશ્કરી

ગોઠવણી કરે કે જેથી ખૂનામરકી થવાનો સંભવ જ ન રહે, તો મારા જેવા સત્યાગ્રહીને કાયદાનો સવિનય ભંગ કરવાને કંઇ બાધ ન હોય. પણ કાયદાનો સવિનય ભંગ કરવાની ખાતર સત્યાગ્રહીથી લશ્કરી ગોઠવણી માગી કે ઇચ્છી ન શકાય. તેથીજ આપની કલ્પના યથાર્થ નથી એમ હું કહું છું. વળી, વાઇસરાયે અને ગવર્નર સાહેબે જ્યારે મને કહ્યું કે જો હું હિંદુસ્તાન એક લશ્કરી છાવણી થઇ જાય એવું ન ઇચ્છતો હોઉં તો મારે સત્યાગ્રહ મોકૂફ રાખવો જોઇએ, ત્યારે મેં મારી એવી ઇચ્છા કોઇ કાળે ન હોય એવું કાયદાનો સવિનય ભંગ મોકૂફ રાખીને સિદ્ધ કરી આપ્યું.

સ૦—મજૂરોની બાબતમાં તમે શું કહેવા ઇચ્છો છો? મજૂરોનો દંડ.

જ૦—હું માનું છું કે મજૂરોની ઉપર બહુ મોટો બોજો નાંખવામાં આવ્યો છે, અને તેઓની પાસેથી એ દંડ ઉઘરાવવાનો સમય પણ ઘણો ખરાબ ચૂંટવામાં આવ્યો હતો. પણ મી૦ ચૅટરીલ્ડે હમેશાં પોતાની કારકીર્દીમાં એટલી બધી ખાનદાની બતાવી છે, અને એપ્રિલ માસમાં તેમણે એટલી બધી સબૂરી બતાવી છે કે તેમના કોઇ પણ કાર્યને વિષે ફરિઆદ કરતાં મને અતિશય સંકોચ થાય છે.

•

પં. જગતનારાયણ—મહાત્માજી, તમે 'એનાર્કી' બંધ થાય એવા ઉપાયો લેવાની સામે તો નથી ના? પં. જગતનારાયણની તપાસ.

ગાંધીજી—ના જી.

સ૦—ત્યારે તમે રૉલેટ ઍક્ટની સામે શાથી થયા?

જ૦—રૉલેટ ઍક્ટની સામે મારી મોટામાં મોટી દલીલ એ છે કે એ કાયદો આખી પ્રજાની ઉપર એક આરોપ રૂપે ઘડાયો છે.

બચાવની કલમો.

સ૦—એ કાયદામાં રૈયતના બચાવોની કેટલીક કલમો છે એને વિષે તમે શું કહેશો?

જ૦—મને તો એ કલમો ભયંકર જાળની સમાન લાગે છે. કારણ એ કલમોથી અમલદાર અને પ્રજા એમ માની બેસે કે પ્રજાનો બચાવ કંઇ અંશે પણ થાય છે. આથી અમલદાર વધારે બેજવાબદાર બને અને પ્રજા ગફલતમાં પડે. ઘણો વિચાર કરતાં એ કાયદાનો બચાવ હું કોઇ પણ રીતે ન જોઈ શક્યો ત્યારેજ સામે થયો. વળી 'એનાર્કી'ને સજા કરવા સારૂ સામાન્ય કાયદાઓ પૂરતા છે એવી મારી માન્યતા છે.

સ૦—સત્યાગ્રહની લડતમાં સરકારને પજવણી થવાનો સવાલ ઉઠાવવામાં આવ્યો છે. સરકારને પજવતાં તમે ડરો કે?

જ૦—સત્યાગ્રહીથી સરકારને કે કોઇને પજવવાની ખાતર કશી હીલચાલ ચલાવાય જ નહિ. પણ સત્યાગ્રહીના કોઇ પણ કાર્યથી સરકાર કે બીજા કોઇને ન ઇચ્છતા છતાં પણ પજવણી થાય તો તેથી કંઈ સત્યાગ્રહી ડરે નહિ. સત્યાગ્રહની લડત અને બીજી લડતમાં આટલો ભેદ છે કે સામાન્ય લડત ઘણી વેળા પજવણીને ખાતર શરૂ કરવામાં આવે છે.

સ૦—તમે એટલું કબૂલ કરશો કે બધી લડતમાં જીતનો આધાર સંખ્યા ઉપર હોય છે?

સત્યાગ્રહ અને સંખ્યાબળ.

જ૦—બીજી લડતોને વિષે એ વાત ખરી છે પણ સત્યાગ્રહમાં જો કે સંખ્યા હોય તો જાણે સારૂં, તથાપિ સત્યાગ્રહ સંખ્યાની ઉપર મુદ્દલ આધાર નથી રાખતો.

સ૦—પણ તમે જેમ બને તેમ વધારે માણસો સત્યાગ્રહમાં જોડવાનો પ્રયત્ન તો જરૂર કરો—

જ૦—એ પણ સર્વાંશે બરોબર નથી. કેમકે સત્યાગ્રહનો આધાર તો કેવળ સત્ય ઉપર અને સત્યાગ્રહીની તપશ્ચર્યા ઉપર રહેલો છે.

સ૦—પણ એક માણસનો અવાજ રાજ્યપ્રકરણી મામલામાં કેટલું કામ કરે?

જ૦—એ ઘણું કરે એ બતાવવાનો મારો પ્રયત્ન છે.

સ૦—તમે માનો છો કે અંગ્રેજી અમલદારો એક માણસનું કંઇ સાંભળે?

જ૦—એવું બનેલું મેં જોયું છે. લૉર્ડ બેન્ટિંક કેશવચંદ્ર સેનને સારૂ મી૦ બેન્ટિંક બન્યા.

સ૦—પણ એ તો તમે એક ભારે માણસનો દાખલો આપ્યો.

જ૦—સામાન્ય માણસ પણ નીતિ કેળવી શકેછે. જો કે અક્ષરજ્ઞાનની જરૂર હું માનું છું અને આપણી પ્રજામાં ઘણા નિરક્ષર છે, તોપણ સત્યાગ્રહનો મંત્ર કેવળ નિરક્ષર માણસોને પણ આપવામાં જરાયે અડચણ ન આવે એવો મારો બહોળો અનુભવ છે.

સ૦—દક્ષિણ આફ્રિકામાં તમે ફતેહ મેળવી શકયા એનું શું કારણ માનો છો?

જ૦—સામાન્ય રીતે એમ કહી શકાય કે ત્યાં ઘણાં સ્ત્રીપુરૂષો જેલ જવા તૈયાર થયાં અને જરાએ મર્યાદા ન મેલી અને શાંતિ જાળવી શકયાં, એ કારણ હું ફતેહનું માનું છું.

સ૦—ત્યારે તમે એમ કબૂલ નહિ કરો કે સત્યાગ્રહની લડતમાં પણ તમારે ઘણા માણસોની જરૂર તો ખરી?

જ૦—ના જી. ઘણાં માણસો હોય તો ફતેહ વહેલી મળે એમ હું માનું છું ખરો, પણ તે વિના નજ મળી મળી શકે એવું હું નથી માનતો. દક્ષિણ આફ્રિકામાં જો કે સંખ્યાને લીધે જોર મળ્યું એમ કબૂલ કરવુંજ જોઇએ, છતાં લડતનું ખરૂં રહસ્ય અને ખરૂં જોર તો તેની શુદ્ધતામાં અને શુદ્ધ સાધનોમાં હતું એવી મારી દૃઢ માન્યતા છે. અને સાધનની શુદ્ધતાને લીધે હું દક્ષિણ આફ્રિકામાં પ્રતિકૂળ સંજોગો છતાં દક્ષિણ આફ્રિકાના અગ્રેસરોની સહાનુભૂતિ મેળવી શકયો હતો. વળી જેઓ ખૂનામરકીને વિષે શ્રદ્ધા રાખનારા છે તેવા માણસોના ઉત્સાહને પોષી શકે એવું ધાર્મિક સાધન તો સત્યાગ્રહજ છે.

સ૦—જે ભય સત્યાગ્રહને વિષે સર ચીમનલાલને છે તેવો મને નથી. વ્યક્તિઓ કાયદાનો સવિનય ભંગ શરૂ કરે તો ખોટુંજ પરિણામ આવે એમ હું માનતો નથી. જ્યાં જ્યાં માણસો પોતાના માનને સારૂ જેલમાં જવા તૈયાર થાય છે, ત્યાં ત્યાં લોકો ઉંચે ચડેલા હોવા જોઇએ એમ

હું માનું છું. પણ સત્યાગ્રહની વિશેષતા શી છે, એ જાણવા મેં કેટલાક સવાલો પૂછ્યા છે.

જ૦—સત્યાગ્રહમાં નીતિ પ્રધાન છે, તેથી લોકોમાં નીતિનું શિક્ષણ, નીતિને વિષે ભાવ, ફેલાવાં જોઇએ. સંખ્યાબંધ માણસો સત્યાગ્રહી થાય તેમાં કોઈ પણ સરકારને ગભરાવાનું કારણ હોયજ નહિ. કાયદા પ્રત્યે માન રાખવું એ આપણી ફરજ છે. તેથી કાયદા કરનારાઓની એવી ફરજ છે કે લોકસંગ્રહ થાય તેવાજ કાયદા પસાર કરે. સત્યાગ્રહ મંડળને કાયદાનો ભંગ કરનારૂં મંડળ કહેવું એ તો કેવળ અનુચિત છે. કાયદાને વિષે આંધળું માન સત્યાગ્રહી નથી રાખતો તેથી, અને કાયદા પાળવાની તેનામાં સામાન્ય વૃત્તિ હોય છે તેથી, તે પોતાના પ્રયત્નથી હમેશાં કાયદાને ઉચ્ચ પદે રખાવે છે.

સ૦—તમે સત્યાગ્રહ શરૂ કર્યો તેનો હેતુ તો એ હશે કે પરદેશી બીનજવાબદાર અમલદારોની સામે સત્યાગ્રહ શિવાય બીજું હથિઆર તમારી પાસે ન હોઇ શકે—

જ૦—છેક એમ મારાથી નહિ કહી શકાય. હું તો જરૂર જણાયે પ્રજાને જવાબદારી સત્તા મળ્યા પછી પણ સત્યાગ્રહની આવશ્યકતા કલ્પી શકું છું. વળી લોકોના ખવાસોના અજ્ઞાનનો જે બચાવ અંગ્રેજો કરી શકે તે આપણા કારભારીઓ નહિ કરી શકે. સ્વરાજ્યમાં સત્યાગ્રહ.

સ૦—પણ જયારે આપણને પૂરી સત્તા મળશે, ત્યારે આપણે આપણા કારભારીઓને બરતરફ કરી શકીએ છીએ.

જ૦—એવો ભરોસો પણ હું સદાયને સારૂ ન રાખી

શકું. ઇંગ્લંડમાં ઘણા કારભારીઓ પ્રજાનું માન અને પ્રજાનો વિશ્વાસ ખોવા છતાં પણ અધિકારને વળગી રહી શકયા છે. એવું આપણે ત્યાં પણ નહિ બને એમ માનવાને મને કંઇ કારણ નથી. એટલે આપણને સંપૂર્ણ સત્તા મળે ત્યારે પણ આપણે સત્યાગ્રહ કરવો પડે એ હું કલ્પી શકું છું.

સ૦—જો આપણા અમલદારો હિંદીજ હોય તો લોકો કાયદાને વધારે માન આપે અને કાયદા ભંગ કરવાનો પ્રસંગ ઓછો આવે એમ તમે કબૂલ કરશો કે?

જ૦—હું એમ નથી માનતો. અંગ્રેજ અમલદારની ભૂલ તો કેટલીક તેના અજ્ઞાનને લીધે હોય છે અને તેથી તે માફ થઈ શકે. પણ હિંદી અમલદારની ભૂલને સારૂ તેવો કંઈ બચાવ નજ હોઇ શકે. જ્યાં રાજ્યસત્તા પ્રજાને જવાબદાર છે, ત્યાં પણ પ્રધાનોએ ગંભીર ભૂલો કરેલી મેં જોઇ છે અને પ્રધાનોએ બીનજવાબદાર રીતે કામ કરેલું છે એમ મેં અનુભવ્યું છે. એટલે સત્યાગ્રહીને તો બધા સરખા છે. એ જ્યાં અન્યાય જુએ ત્યાં જરૂર સામે થાય. અમલદારવર્ગની પાસેથી નીતિયુક્ત લોકમતને સારૂ સંપૂર્ણ માન મેળવવું એ સત્યાગ્રહીનું કાર્ય છે. અને યોગ્ય પ્રયત્નો કરીને તે સફળતા મેળવે છે. જો હું લોકોને સત્યાગ્રહ બરોબર સમજાવી શકું અને તેઓની પાસે સત્યાગ્રહના નિયમોનું પાલન કરાવી શકું તો વાઇસરોય રૉલેટ ઍક્ટ રદ ન કરે તો તેમની પાસેથી રાજીનામું લેવડાવી શકું.

સ૦—તમે હડતાલને સત્યાગ્રહનું અંગ ગણો છો કે?

જ૦—ના જી. હડતાળ સત્યાગ્રહીની હોઈ શકે તેમ

દુરાગ્રહીની પણ હોઈ શકે. ખરેખરી અગત્ય ન હોય ત્યાંસુધી હડતાળ ન કરવી જોઇએ એવી મારી માન્યતા છે. ૬ ઠ્ઠી એપ્રિલ પછી પણ મી૦ હૅાર્નિમેનને વિષે તેમજ ખિલાફતને વિષે હડતાળ પડાવવામાં મેં ભાગ લીધો હતો. પણ તેમાંથી હું કંઇ માઠું પરિણામ જોઈ શકયો નથી.

સ૦--સત્યાગ્રહને અંગે જરાયે અશાંતિ ન થાય એવું તમે ઇચ્છો ખરા?

જ૦—એવું ઇચ્છું નહિ એટલુંજ નહિ, પણ હું એવું થાય તો નિરાશ થાઉં. જો અનસૂયા બહેન અને હું પકડાયાં હોઇએ, અને મજૂરોમાં કંઇ પણ અશાંતિ ન થાય તો અમે જરૂર નિરાશ થઇએ. પણ સત્યાગ્રહીની અશાંતિ ખનામરકીનું સ્વરૂપ કદિ ન પકડે. સત્યાગ્રહી બીજાને દુ:ખે દુ:ખી થાય અને એક જેલ જાય તો બીજા જેલમાં પહોંચવાની યોગ્ય તજવીજ કરે. આવી અશાંતિ સત્યાગ્રહને અંગે હું ઇચ્છું.

સ૦—તમે ૧૧ મી એપ્રીલે મુંબઇ પાછા ફર્યા ત્યારે પાયધુની ગયા. તે વિષે એમ કહેવાયું છે કે તમારૂં લોકોએ ન માન્યું.

જ૦—એ બરોબર નથી. જેઓએ મારૂં સાંભળ્યું તેઓએ મારૂં કહેવું બરોબર માન્યું.

સ૦—મારી પાસે એક રિપોર્ટ છે તેમાં એમ લખ્યું છે કે તમારી ગતિ ચંચળ છે છતાં તમે માંદગીનો ડોળ કરો છો!

જ૦—હું તો એટલુંજ કહી શકું કે એ કેવળ જુઠાણું છે.

સ૦—વળી તમે તે દહાડે એવા ડરી ગયા કે ભાગીને એક ઘરમાં છુપાઇ ગયા !

જ૦—એ પણ તદ્દન જૂઠું છે, કેમકે હું છેવટ સૂધી ટોળામાં હતો ને જ્યારે ઘોડેસવારોનો હુમલો થયો ત્યારે તે મેં પોતે જોએલો ને છેવટે તેજ બાબત વાત કરવા હું પો. કમિશનર મી૦ ગ્રિફિથ્સની પાસે ગયો હતો.

મી. કેમ્પના સવાલ. સ૦—તમે કહો છો કે અમદાવાદમાં માર્શલ લૉની જરૂર ન હતી.

જ૦—મારો એવો અભિપ્રાય છે.

સ૦—પણ જો મિલીટરી અમલદાર કહે કે જરૂર હતી તો તમે શું કહો ?

જ૦—તો હું કહું કે જે હકીકત મારી પાસેછે તેટલી માર્શલ લૉ જાહેર કરવાને સારૂ પૂરતી નથી.

સ૦—તમે કહોછો કે કેટલાક નિર્દોષ માણસો માર્યા ગયા.

જ૦—એ મારો ખાસ અભિપ્રાય છે.

સ૦—તમે એમ કહેશો કે તમારી પાસે એ બાબતનો ચોક્કસ પુરાવો છે ?

જ૦—મારી ખાત્રીને સારૂ પૂરતો છે.

સ૦—એ બાબત તમે મી૦ ન્ડ્ટરીલ્ડને લખ્યું હતું ?

જ૦—હા જી.

સ૦—તેમણે ફરિઆદ કરનારને તેમની પાસે મોકલવા કહેલું ?

જ૦—હા જી.

સ૦—પછી તમે કંઈ પગલાં ભર્યાં ?

જ૦—મેં ન ભર્યાં, કેમકે માર્શલ લૉ તો મેં લખ્યું તેજ દહાડે રાતના ખેંચી લેવામાં આવ્યો. મી૦ ચૅટફીલ્ડને હું બહુ ખાનદાન અમલદાર ગણું છું. એમના જેટલી પ્રમાણિકતા ને નિર્મળતા મેં થોડાજ અમલદારોમાં જોઈ છે. તેમને નકામી તકલીફ આપવી અથવા તેમના અમલની ટીકા સરખી પણ કરવી પડે એમાં મને દુઃખ થાય. તેમની ભૂલોમાં પણ હું તો ખાનદાની જોઈ શકું છું. હું તમને કહેવા ઇચ્છું છું કે આ બાબતને તમે વધારે ન ચૂંથો. મેં કબૂલ કર્યું છે કે મુંબઈની સરકારે એપ્રિલ માસમાં એટલું બધું ડહાપણ બતાવ્યું કે તેમની સામે ફરિઆદ કરવા જેવું નથી. પણ જ્યારે મારે બધી બીનાનું પૃથક્કરણ કરવું રહ્યું હોય ત્યારે જે દોષ મેં જોયા હોય તે પણ મારાથી જળવાય તેટલી સભ્યતાથી હું બતાવી આપું એ મારો ધર્મ થયો, ને મેં તેમ કર્યું છે. પણ નિર્દોષ માર્યા ગયા તેની ઉપર બહુ વજન મૂકી હું તેની ભારે ફરિઆદ કરવા માગતો નથી.

મી. કેમ્પ૦—હું કબૂલ કરૂં છું કે તમે તમારી જુબાની કેવળ ન્યાયપુરઃસર આપી છે. હવે મારે કંઈ પૂછવાનું નથી.

ડૉ. જીવણલાલ. ડૉ. જીવણલાલ—તમે હિંદુસ્તાનમાં આવ્યા ત્યારથીજ અમદાવાદમાં વસ્યા છો?

ગાંધીજી—હા જી.

સ૦—તમે અમદાવાદના જાહેરજીવનમાં ભાગ લીધો છે?

જ૦—હા જી.

સ૦—તમે અનસૂયા બાઇને તેમના મજૂરના કાર્યમાં મદદ કરી હતી ત્યારે મજૂરોમાં પૂર્ણ શાંતિ જળવાઇ હતી?

જ૦—હા જી.

સ૦—એપ્રિલની ૧૩મી તારીખે તમે અમદાવાદ આવ્યા ત્યારે તેજ દહાડે તમે જાહેર સભા ભરવા ધારેલું?

જ૦—હા જી.

સ૦—પણ તે દિવસે માર્શલ લૉને લીધે ઘણા માણસો હાજર ન રહી શકે એમ તમે જોયું તેથી ૧૪મીએ સભા ભરી?

જ૦—હા જી. તે દિવસે બધાને નોટીસ વેળાસર ન પહોંચી શકે એમ લાગ્યું.

સ૦—૧૪ મીની સભામાં ઘણા માણસો હાજર થએલા?

જ૦—હા જી.

સ૦—તેમાં તદ્દન શાંતિ રહેલી?

જ૦—હા જી. એટલું જ નહિ પણ તેમાં પાદરી રે. ગિલેસ્પી હાજર રહેલા તેમની તરફ હજારો આવેલા માણસો વિવેકપૂર્વક વર્ત્યા હતા.

સ૦—મી૦ ગાર્ઇડર કહે છે કે તમે તમારા અનુયાયીઓ વધારવાની ખાતર ખૂનામરકી વખોડી અને તેટલાજ કારણસર તમે ગુન્હેગારોનાં નામ આપવાની ના પાડી.

જ—એનો જવાબ હું એટલોજ આપું કે મી૦ ગાઇડરે મારા પ્રત્યે હિંસાદોષ કર્યો છે.

સાહેબજાદા૦—મી૦ ગાંધી, હું તમને થોડાક સવાલો પૂછીશ. રૉલેટ કાયદો થયો ત્યારઅગાઉની સ્થિતી જરા યાદ કરો. લડાઇ પહેલાં હિંદુસ્તાનમાં ચોમેર સંખ્યાબંધ ખૂનામરકીના ગુન્હાઓ થતા હતા, નહિ? સાહેબજાદા આફતાબ આહમદ.

ગાંધીજી૦—આખા હિન્દુસ્તાનમાં સંખ્યાબંધ તેવા ગુન્હાઓ થતા હતા એ અભિપ્રાયને હું મળતો નથી આવતો.

સ૦—ઓછામાં ઓછા બંગાલમાં તો સરકારથી ન ડરનારા લોકોને હાથે ધાડો પડતી હતી, ખૂનો થતાં હતાં, દિલ્લીમાં વાઇસરોય પર બૉંબ ફેંકવામાં આવ્યો હતો—

જ૦—જી.

સ૦—બંગાલમાં આવાં કૃત્યોના સંખ્યાબંધ મુકદ્દમાઓ ચાલ્યા હતા—

જ૦—જી.

સ૦—અને આ બનાવોને લીધેજ કાયદા તથા વ્યવસ્થા જાળવવાની ખાતર સરકારે જસ્ટિસ રૉલેટના પ્રમુખપણા હેઠળ ત્રણ આગેવન જડજોનું કમીશન નીમ્યું—

જ○—જી.

સ○—તેમણે આ આખા સવાલની બારીક તપાસ કરી અને સરકારને રિપોર્ટ કર્યો, તેમાં મારા ધારવા પ્રમાણે ચોક્કસ પ્રકારના કાયદા ઘડવા વિષે ભલામણ કરી. તમે એવું કહી ગયા કે એ રિપોર્ટમાં દર્શાવેલા નિર્ણયો જોડે તમે મળતા નથી આવતા, ખરૂં?

જ○—જી હા. હું નથી મળતો આવતો.

સ○—એ ભલામણો જોડે મળતા ન થવાનાં તમારાં કારણો તમે દર્શાવશો?

જ○—કારણ રૅાલેટ કમિટીના રિપોર્ટમાં રજૂ કરવામાં આવેલી હકીકતો એવા કશા કાયદા ઘડવાની જરૂર પૂરવાર કરનારી મને જરા પણ નથી લાગી. ઉલટું એજ હકીકતોના આધારપર હું તો એથી તદ્દન જૂદા પ્રકારની ભલામણો કરૂં. આવા પ્રકારનો એ રિપોર્ટ વાંચ્યા પછી મારો મત બંધાયો હતો.

સ○—પણ સરકારને જે પ્રકારની માહિતી મળી હતી તે મુજબ દેશમાં હકીકતમાંજ ગંભીર ગુન્હાઓ થતા હતા એ વાતની તો તમે ના નથી કહેતા?

જ○—બીજા દેશોમાં બને છે તેથી વધારે ગંભીર ગુન્હાઓ નહિજ. અને ખરૂં જોતાં આખા હિંદુસ્તાનમાં તો ગંભીર ગુન્હા ફેલાયાજ નથી. માત્ર બંગાલમાંજ ખૂનામરકી રહી છે. બાકી તો કયાંક કયાંક કવચિત્ છમકલું થયું હશે. અને બંગાલ એટલે કંઇ આખું હિન્દુસ્તાન નહિજ.

સ૦—ખૂનામરકી અને ગુન્હાઓ બંગાલમાં ખૂબ ચાલેલાં, નહિ ?

જ૦—એનું મહત્વ ઘટાડવા હું નથી ઇચ્છતો. સરકારને આકરા ઇલાજો લેવા પડે એટલા ગંભીર ગુન્હાઓ બંગાલમાં બનતા હતા એ પણ હું સ્વીકારી લઇશ. છતાં હું એ પણ કહી દેવા ઇચ્છું છું કે રૅાલેટ કમિટીએ જે હકીકતોના આધાર ઉપર પોતાનો રિપોર્ટ ઘડયો તે હકીકતો એવા નિર્ણય ઉપર આવવું પડે એવી નહોતીજ. આમાં કદાચ હું સાવ ભૂલ ખાતો હોઇશ, પણ રૅાલેટ કમિટીના રિપોર્ટમાં એક મ્હોટામાં મ્હોટો દોષ એ રહેલો છે કે એમાંની લગભગ બધીજ હકીકતો છૂપી રીતે લેવાએલી અને સરકારી અમલદારો મારફત એકઠી થએલી છે.

સ૦—દલીલની ખાતર માની લઇએ કે એ હકીકતો રૅાલેટ કમિટીએ કર્યો તેવો રિપોર્ટ કરવાને બસ નહોતી, છતાં એ રિપોર્ટથી સ્વતંત્ર પણ આકરા ઉપાયો લેવાની જરૂરીઆત બંગાલપૂરતી તો હતીજ એ તમે કબલ કરોછો ?

જ૦—હું એ કબૂલ કરૂં છું.

સ૦—તો પછી એ સ્થિતીને પહોંચી વળવાને સરકારે તમારા અભિપ્રાય પ્રમાણે શા ઉપાયો યોજવા ઘટતા હતા ?

જ૦—પણ સરકાર તો હું સાફ નાપસંદ કરૂં છું એવા ઉપાયો યોજી ચૂકી છે. મારા કહેવાની મતલબ એટલીજ છે કે એવા પ્રકારના ગુન્હાઓ નાબૂદ કરવાને

મજબૂત ઉપાયો લેવાનો સરકારને હક હોઇ શકે; અગર તેમ કરવું એ કોઇ પ્રસંગે તેમની ફરજ પણ હોઇ શકે. સરકારે કેવા ઉપાયો યોજવા જોઇએ એનો જવાબ તો હું એટલોજ આપી શકું કે રૉલેટ ઍક્ટ તો નહિજ. અલબત્ત, સરકારે શું ઉપાયો યોજવા એ સૂચવવાનું કામ મારૂં નથી. પણ એ કામ મારૂં હોય તોયે હું તો જે કંઇ સૂચવું તે ગુન્હેગારોને સુધારવાના સ્વરૂપના ઇલાજો હોય; દબાવવાના સ્વરૂપના નહિ. જ્યારે સરકારી ઉપાયો તો એકેએક દબાવવાના સ્વરૂપનાજ છે.

સ૦—માણસજાતના આજના સ્વભાવને ધ્યાનમાં લેતાં કાયદા અને વ્યવસ્થા જાળવવાની જોખમદારીવાળી સરકારને ઘણીવાર પોતાની ઇચ્છા વિરૂદ્ધ પણ સખ્તાઇના કાયદાઓ કરવા પડે છે એટલુંયે તમે નહિ સ્વીકારો?

જ૦—એ હું કબૂલ કરીશ. અને એજ કારણથી હું એટલુંજ કહું છું કે મારી અત્યારની સ્થિતીમાં તો સરકાર જે ઉપાયો યોજે તેને હું કેવળ તપાસી શકું અને તેપર ટીકા કરી શકું. પણ સરકારે કેવાં પગલાં લેવાં જોઇએ તે સૂચવવા બેસું તો તો તેજ ક્ષણે મારૂં મન ગુન્હેગારને સજા કરવાને બદલે સુધારવાનું કહેવા મંડી જાય. આમ મારે કાયદો ઘડવાનો હોય તો તે એવા સ્વરૂપનોજ ઘડાય. છતાં હું કહી ગયો કે દબાવના સ્વરૂપના કાયદા ઘડવાના સરકારના હકનો પણ હું ઇન્કાર નથી કરતો.

સ૦—આટલું બધું તમે કબૂલ રાખો છો ત્યારે તો હું તમને એમ જરૂર પૂછી શકું કે જે ચોકસ (રૉલેટ)

કાયદા સામે તમે ટીકા કરો છો તેની જગાએ તમે સરકારને કેવો કાયદો ઘડવાનું સૂચવો?

જ૦—હું આપને જણાવી ચૂકયો કે એનો તો હું માત્ર નકારાથીજ જવાબ આપી શકું. મારો જવાબ એનો એજ છે કે 'રૉલેટ ઍકટ તો નહિ જ.' અને હું તેનાં કારણો પણ આપી શકું. રૉલેટ ઍકટથી ધારાપોથીને કલંકિત કર્યા વગરજ વાઇસરોયના હાથમાં પૂરતી સત્તા છે. આ કાયદો તો હિન્દુસ્તાનમાં કોઇ દિવસ ન વસ્યો હોય એવો કોઇ માણસ કદિ ધારાપોથી ઉઘાડીને વાંચે તો એના મગજ ઉપર એકજ ન ભૂંસાય એવી છાપ પડે કે હિન્દુસ્તાન ખૂનામરકીના ગુન્હાઓથી કેવળ ઉભરાઇ રહ્યું હોવું જોઇએ. હું ચોકસ માનું છું કે વાઇસરોયના હાથમાં જે સત્તાઓ છે તે ખૂનામરકીની જડ ઉખેડવાને તદ્દન પૂરતી છે અને વાઇસરોય જો એનો ઉપયોગ ન કરે અને વધુ સત્તા માગે તો એ એમની ભૂલ છે. સંકટકાળના કાયદા કરવાની એમને સત્તા છે અને એનો ઉપયોગ જોઇએ તો તેમણે કરવો ઘટે. મોજૂદ અધિકાર.

સ૦—તમે 'ઑર્ડિનન્સો' (Ordinances) ની વાત કરો છો?

જ૦—હા જી. એમ કરવામાં તેઓ સાહેબ વ્યાજબી લેખાય. આનાં કારણો પણ હું આપી શકું તેમ છું. કારણ આ વિષે મેં પૂરી ચર્ચા કરી છે. મેં રાતની રાતો વિચાર કરવામાં ગાળી છે કે ના૦ લૉર્ડ ચેમ્સફર્ડ જેવા શાંત મગજના ગૃહસ્થ જાળમાં કેવી રીતે ફસાયા હશે. એમની

પાસે આવા સંકટકાળના કાયદાઓ ઘડવાની સત્તા છે. તેનો તેઓ ઉપયોગ કરી શકે છે. તેમ કરવામાં તેમને કોઈ રોકે તેમ નથી અને ધારાસભાને પૂછવાને પણ તેઓ બંધાએલા નથી. તેઓ સાહેબ એક ચોકસ જોખમદારીભર્યું પગલું લે, તેનું વ્યાજબીપણું તેઓ પાછળથી ધારાસભા સમક્ષ અથવા પ્રજા સમક્ષ અગર આજ થાય છે તેમ લોકમત આગળ પૂરવાર કરી બતાવે એટલે બસ. જ્યારે અહીં તો ચોકસ બનાવોની સંભવિતતા તેઓ અગાઉથી માની લે છે અને દેશની સામાન્ય ધારાપોથીમાં એક નવો કાયદો ઉમેરી દે છે. મારી ચોકસ માન્યતા છે કે હકીકતમાં કારોબારી સરકાર આ બાબતમાં જરૂર હતી તે કરતાં હદબ્હાર આગળ દોડી ગઈ છે.

સ૦—રૉલેટ કાયદો વાંચવાનો લાભ મને નથી મળ્યો; પણ હું ધારૂં છું કે એ તો માત્ર જરૂર પડયે અમુક સત્તા આપનારો કાયદો છે. એટલે એ પસાર થયો એટલાજ ઉપરથી એ અમલમાં મૂકાયો એવું કંઇ નથી.

જ૦—એટલું બાદ કરીએ તો?

કાયદાઓની રચના.

સ૦—વળી, ગવર્નર જનરલે એવી મંજૂરી આપવી જોઇએ કે દેશના અમુક ભાગમાં આ કાયદો લાગૂ પાડવો. આમાં શું પ્રજાનું પૂરતું રક્ષણ નથી રહેલું?

જ૦—છાંટાભાર નહિ. જે રીતે એવી મંજૂરીઓ આપવામાં આવેછે તેનો મને પૂરતો અનુભવ છે. એ મંજૂરીનું મૂળજ ખરૂં જોતાં દૂષિત હોય છે. મૂળમાં ઘણીવાર એકાદ પોલીસ અમલદાર—અથવા અમલદારે શેનો?—

એકાદ પોલીસનો માણસજ વાત ઉભી કરે. તે જઇને પોતાના ઉપરીના કાન ભંભેરે કે 'સાહેબ, ફલાણે ઠેકાણે તો આમની વાત આમ બને છે.' બસ. પેલો ઉપરી અમલદાર ખરી બીના તપાસવા જેટલો ઉંડો ઉતરે કે ન પણ ઉતરે. એ તો પેલા ખબર આપનારની નજરેજ એ બીનાને જુએ. આમ એ બીનાના મૂળમાં રહેલો દોષ આગળ વધતાં વધતાં આખરે ઠેઠ વાઇસરોય સુધી પણ જઇ પહોંચે. આ આખી રીતજ તેની બધી શાસ્ત્ર-શુદ્ધ વિધિઓ છતાં આવી દોષભરી છે અને તેથીજ હું તેને ખોટી કહું છું. આથીજ એક સામાન્ય વસ્તુ તરીકે એ જાહેર કરવાની સત્તા વાઇસરોયે લેવી જોઇતી ન હતી. એમને પોતાની જોખમદારી પર કામ કરવું હોય તો તેઓ પોતે ભલે આ કાયદો ઘડે; પણ ધારાસભા તો આ કાયદો નજ ઘડી શકે.

સ૦—એટલે તમે એમ કહેવા માગો છો કે આવી મહત્વની બાબતમાં અમુક બીના પોલીસના માણસથી ઉભી થઇ એટલાજ ઉપરથી છેક વાઇસરોના સુધીના બધા ઉપરી અમલદારો પોતાના અનુભવને કે પોતાની માહિતીને આધારે જાતે તપાસ કર્યા વગરજ એવી દરેક બીના માની લેશે?

જ૦—એમાં બીજું ન બને એમ હું નથી કહેતો, પણ આપણા જેવા રાજબંધારણમાં તો એજ પરિણામ આવે. અને આ વાત જાણતા છતાં હિન્દુસ્તાન જેવા ખૂનામરકીના ગુન્હાઓથી ન ટેવાએલા દેશમાં આટલી ભયંકર સત્તા હું તો કારોબારી સરકારના હાથમાં નજ

મૂકું. ખૂનામરકી હિન્દુસ્તાનના એકથી બીજા છેડા સુધી લોકોના હાડમાં વ્યાપી ગઇ હોત તો કદાચ મેં રૉલેટ કાયદાની વિરૂદ્ધ કાંઇ ન કહ્યું હોત. એમ હોત તો હું આ કાયદાને વધુ તપસીલમાં ઉતરીને તપાસવાની જરૂર જોત. અત્યારે તો હું એ કાયદો તપાસવા કે તેને વિષે દલીલમાં ઉતરવા પણ ન બેસું; કેમકે એના મૂળમાં રહેલો સિદ્ધાંતજ ગેરવ્યાજબી છે. વળી કોઈ એકલદોકલ દાખલામાં એવી સખ્તાઇનું વ્યાજબીપણું કદાચ હું જોઇ પણ શકું. પણ અધિકારીઓ જાતેજ કહેવા માગે છે તેમ આ તો આખી પ્રજાની સાથે કામ લેવાની વાત છે. અને એની એ વ્યાપકતામાંજ એની ગંભીરતા ભયંકર બનેછે. કારણ કે તેમાં તો ગમે તેવા માણસને સરકાર પકડી શકે અને તેની પાસેથી જામીન માગી શકે.

વસ્તુસ્થિતિ. સ૦—તમે જાણોછો કે લડાઇ દરમ્યાન હિન્દસંરક્ષણ કાયદાની રૂએ સહીસલામતીને ખાતર જરૂરનું લાગવાથી સંખ્યાબંધ લોકોને નજરકેદ કરવામાં આવ્યા હતા. સુલેહની શરતો ઉપર સહી થયા પછી અલબત્ત છ મહિના વીત્યા બાદ આ લોકો છૂટા થાય. એટલે ભયંકર લોકોને વિષે સરકારે કેમ વર્તવું એ સવાલ બેશક ઉભો થાય. ગમે તે ઘડીએ કોણ જાણે કેવીયે સ્થિતિ ઉભી થાય. તેને પહોંચી વળવા સારૂ સરકાર પોતાના હાથમાં કાંઇક હથિઆર રાખે એમાં તમે શું વાંધો લ્યો ?

જ૦—હું માનપૂર્વક જણાવવા ઇચ્છું છું કે સરકારની પાસે આવું હથિઆર મોજૂદ છે. સંકટકાળના કાયદા

પસાર કરવાની સત્તા વાઇસરોયને છે એજ આવું હથિઆર છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે તો શાંતિના કાળમાં રૉલેટ ઍક્ટ જેવો કાયદો ઘડી લેવાની ખાતર એક ભૂમિકા તરીકે હિન્દસંરક્ષણ કાયદાનો ઉપયોગ નજ કરી શકાય. એ કાયદો તો મુખ્યત્વે કરીને લડાઇને અંગેજ પસાર થયો હતો. અને લડાઇને સમયે જે કાંઇ બરદાસ થાય એ શાંતિને સમયે કદિ બરદાસ ન થઇ શકે.

સ૦—પણ આ કાયદો તો માત્ર અમુક સત્તા આપી મૂકનારો છે, અને વળી માત્ર ત્રણજ વર્ષને માટે છે.

જ૦—એ ખરૂં. પણ ત્રણ વરસને માટે પણ એક આખી પ્રજાને સજા કરવાની વાત મારૂં મન તો નજ બરદાસ કરી શકે.

સ૦—હવે સત્યાગ્રહની હીલચાલ શા હેતુથી ઉપાડવામાં આવેલી એ વિષે હું તમને કંઇક પૂછવા ઇચ્છું છું. શું વધારે સારી રાજદ્વારી સ્થિતિ પ્રાપ્ત કરવા એ હીલચાલ ઉઠાવવામાં આવેલી કે માત્ર પ્રજાને નાપસંદ હોય એવા અનીતિમાન કાયદાની સામે થવાના હથિઆર તરીકેજ એ હતી? એની જરૂરીઆત કેવી રીતે ઉભી થએલી?

જ૦—એની જરૂરીઆત રૉલેટ કાયદો રદ કરાવવા માટેની લોકોની પ્રબળ ઇચ્છામાંથીજ ઉભી થએલી. અરજીઓ વગેરે સામાન્ય સાધનોથી તમારાં દુઃખની દાદ મેળવવામાં તમે નિષ્ફળ થાઓ ત્યારે અસામાન્ય છતાં ગેરકાયદેસર નહિ એવું દાદ મેળવવાનું કોઈ હથિઆર તમારી પાસે છે કે કેમ એ તમારે તપાસી જોવું રહ્યું; અને મેં

જોયું કે રૉલેટ કાયદામાં રહેલા જુલમની અને તેના મૂળમાં રહેલા ભયની સામે બાથ ભીડવાનો સત્યાગ્રહ એ એકજ ઉપાય હતો.

'કાયદેસર' ઇલાજો.

સ૦—કાયદેસર ઇલાજોથી તમે એ ન કરી શકત?

જ૦—આથી હલકો બીજો કોઇ સચોટ કાયદેસર ઇલાજ મારી નજરે પડતો નથી. મારા એક બહુ મોટા મિત્રે મને સૂચવ્યું હતું કે મારે પ્રજાની પાસે આમની સભા ઉપર પ્રથમ એકાદ જંગી સહીઓવાળી અરજી કરાવીને તેના નિકાલની રાહ જોવી ઘટતી હતી. હું એમના મતને મળતો નથી આવતો. અને છતાં મારી ચોકસ માન્યતા છે કે કાયદેસર માર્ગે રૉલેટ બિલ સામેની હીલચાલ જો કે કરી શકાય તેમ હતું તોપણ તેવો પ્રયત્ન સદંતર નિષ્ફળ નીવડયો હોત. એ રસ્તે રૉલેટ કાયદો કદાપિ રદ કરાવી શકાત નહી.

સ૦—શા સારૂ?

જ૦—કારણ, મારો આટલાં વરસનો રાજદ્વારી અનુભવ એવો છે. એકેએક રીતસર વિધીમાં થઇને પસાર થએલી કોઈ અરજી આ દેશમાં સફળ થએલી મેં જાણી નથી.

સ૦—એ ઉપરથી સત્યાગ્રહ શિવાય બીજો માર્ગ ખુલ્લો નથી એવા નિર્ણય ઉપર તમે આવ્યા?

જ૦—અલબત્ત. બીજો કોઇ ખાનદાનીનો રસ્તો મારે માટે ખુલ્લો નહોતો.

સ૦—તમે જુબાનીમાં કહ્યું કે અધકચરી કેળવણીને તમે અભણપણાથી વધારે ભયંકર ગણો છો. એ શું ખરૂં?

જ૦—તદ્દન સાચું.

સ૦—એમ માનવાનાં તમારાં કારણો મને દર્શાવશો ?

જ૦—કારણ કે આખા હિન્દુસ્તાનમાં મુસાફરી કરતાં મેં જોયું છે કે દેશની અજાણ પ્રજાના કરતાં અધકચરી કેળવણી પામેલા જુવાનીઆઓજ ઘણા વધારે બીનજવાબદાર અને અવિચારી છે. એ અર્ધદગ્ધ જુવાનીઆઓના મુકાબલામાં અજાણ પ્રજા તો ઘણે દરજ્જે ઠરેલ મનની છે; અને મારી ખાત્રી છે કે આ અધભણેલા યુવકવર્ગને એ અવળે માર્ગેથી પાછો વાળી શકાય તો દેશની આગળ ઉભો થએલો સવાલ એકદમ સહેલો થઇ જાય. અધભણેલા યુવાનો.

સ૦—તમે અધભણેલા કોને કહો છો ?

જ૦—દાખલા તરીકે હાઇસ્કુલનાં ધોરણ સૂધી પહોંચલો અને થોડુંક અંગ્રેજી જાણનારો અને એથી પણ ઓછું અંગ્રેજી ઇતિહાસનું જ્ઞાન ધરાવનારો એકાદ છોકરો. એ છાપાંઓ વાંચે છે અને તેને અધકચરાં સમજીને પોતાના મનમાં અગાઉ બંધાએલા ચોક્કસ વિચારોને રોકવાને બદલે એજ ઘર કરી બેઠેલા વિચારોને છાપાંમાંની વાતોથી એ પોષે છે માત્ર. હિન્દુસ્તાનની સુખશાંતિને માટે આવો માણસ તદ્દન અજાણ માણસનાં કરતાં અનેકગણો વધારે ભયંકર છે.

સ૦—ત્યારે તમે એનો શો ઉપાય કરો ?

જ૦—હું મારી ઢબના ઉપાય કરી રહ્યો છું અને કંઇક એવું પણ માની રહ્યો છું કે મેં એમાં ધાર્યા કરતાં વધુ સફળતા મેળવી છે.

સ૦—એ કઇ રીતે ?

જ૦—એ રીતે કે આવાં માણસો સુદ્ધાં જ્યારે તમે એમને વીનવો છો ત્યારે જો કે અભણ માણસોના કરતાં તમને ઘણી વધારે માથાઝીક કરાવે છે, છતાં જો તમે ધીરજ ન ખોઇ બેસો તો અંતે તમારી દલીલમાં રહેલું સત્ય કબૂલ કરે છે અને તમારી શિખામણ સાંભળે પણ છે.

સ૦—એટલે તમે એમ કહો છો કે એવા હાઇસ્કુલ સૂધી શિક્ષણમાં પહોંચેલા લોકો વધુ શિક્ષણ લેવાને તૈયાર હોય છે. માત્ર તમે તેમને સારે માર્ગે દોરવવા ઇચ્છો ત્યારે તેઓ સહેજમાં તમારૂં કહ્યું ન માનતાં ખૂબ માથાઝીક કરાવેછે. એમજ ને ?

આધુનિક કેળવણી.

જ૦—મારા અભિપ્રાય મુજબ તો આજની આપણી આખી શિક્ષણપદ્ધતીજ એવી ખરાબ છે કે તે માણસને બધી કેળવણી પૂરી કર્યા પછી પણ સ્થિર મનનો અને ઠરેલ વિચારનો નથી બનાવતી. હકીકતમાં આજે એટલા બધા ઉંચી કેળવણી લીધેલા હિન્દીઓ આપણી વચ્ચે છે કે તેમના દાખલાઓ ઉપરથી આપણે વગર આનાકાનીએ સામાન્ય અભિપ્રાયો બાંધી શકીએ. હું વગર બીકે મારો ચોકસ મત પ્રગટ કરી શકું છું, કારણકે મારી પાસે પૂરતી માહિતી તેમજ સંખ્યાબંધ માણસો એ દિશાએ કામ કરનારા તેમજ પ્રયોગ કરી જોવાનાં સાધન બનનારા છે. અને તેથી હું એવા ચોકસ નિર્ણય ઉપર આવ્યો છું કે આપણી આખી શિક્ષણપદ્ધતિજ જડમૂળથી સડેલી છે અને તેને તદ્દન નવેસર રચવાની જરૂર છે.

સ૦—એ શિક્ષણપદ્ધતીના ખાસ દોષો જણાવશો ?

જ૦—એક તો એજ કે નિશાળોમાં કશું ખરૂં નૈતિક કે ધાર્મિક શિક્ષણ તો અપાતુંજ નથી. બીજો દોષ એ કે શિક્ષણ અંગ્રેજી ભાષા મારફત અપાતું હોવાથી છોકરાંઓના મગજને બેહદ તાણ પડે છે અને પરિણામે નિશાળોમાં અપાતા ઉંચામાં ઉંચા વિચારોને છોકરાઓ ગ્રહણ કરી શકતા નથી.

સ૦—તમે એને બદલે કેવી પદ્ધતિ અમલમાં મૂકો? [લૉર્ડ હંટરે અહીં વચમાંજ વિષયાંતર થતું હોવા વિષે સાહેબજાદાનું ધ્યાન ખેંચતાં જણાવ્યું કે કમિટીનું કામ ઘડીભર સૅડલર કમીશનનો ભાસ કરાવે છે !] તમારા મત પ્રમાણે દેશીભાષા મારફત શિક્ષણ અપાવું જોઇએ અને શિક્ષણક્રમમાં ધાર્મિક કેળવણીને સ્થાન મળવું જોઇએ એમજ ને ?

જ૦—આ બે દોષો તો નિકળી જવાજ જોઇએ. એ ઉપરાંત આધુનિક શિક્ષણપદ્ધતીમાં અંગત તત્ત્વ નથી. શિક્ષકોએ વિદ્યાર્થીઓ જોડે અંગત સંબંધ કેળવવો જોઇએ તે આજકાલ બિલકુલ જોવામાં નથી આવતો. હાલના કરતાં વધારે સારા અને વિશેષ સંસ્કારી શિક્ષકોનો વર્ગ જોઇએ. આ ત્રણ દોષો નીકળી જાય તો શિક્ષણપદ્ધતિ આજ સુધરે.

સ૦—સત્યાગ્રહની હીલચાલની દૃષ્ટિ સંખ્યા વધારવાની પરવા ન કરતાં કેવળ લોકોનામાં સત્ય અને ચારિત્ર્યનું બળ વધારવા તરફજ મુખ્યત્વે કરીને છે એ બરાબર છે ? સત્યાગ્રહનો વિસ્તાર.

જ૦—અવશ્ય. એ સાવ સાચું છે.

સ૦—એનું રહસ્ય એ વસ્તુના પોતાનામાંજ છે, સંખ્યાબળને એની જોડે નિસ્બત નથી એમ ?

જ૦—એને અનુસરનારની સંખ્યા એકની છે કે બેની એ વાત એમાં મહત્વ વગરની છે.

સ૦—આ હીલચાલ પંજાબમાં પણ ફેલાઈ છે ખરી ?

જ૦—હું ધારૂં છુ કે સામાન્ય રૂપમાં એ બીજા ભાગોની પેઠેજ પંજાબમાં પણ અવશ્ય ફેલાઈ છે. સત્યાગ્રહની પ્રતિજ્ઞા ઉપર સહી કરેલી હોય એવાઓને હું કદાચ નહિ ચીંધી શકું. પણ એટલું તો હું જોઇ ચૂકયો છું કે પંજાબ એ સત્યાગ્રહના સિદ્ધાંતને ગ્રહણ કરવાને તેમજ સત્યાગ્રહને ઉપાડી લેવાને હિન્દુસ્તાનના બીજા ગમે તે ભાગના જેટલુંજ કે કદાચ એથી વધારેજ શક્તિવાન છે. પણ મારી આ અટકળમાં કદાચ ભૂલ પણ હોય. છતાં પંજાબ સત્યાગ્રહના પાઠ ગ્રહણ કરવાની બાબતમાં હિન્દુસ્તાનના બીજા કોઇ પણ ભાગની હારોહાર તો છેજ એટલું તો હું કહીશજ કહીશ.

वन्दे मातरम्

Printed by M. N. Kulkarni at Karnatak Press, 434, Thakurdwar Bombay;
&
Published by Swami Anand at Satyagrahashram, Sabarmati.